## Appendix : 2

# THE TRY-OUT TEST VERSION

# TRY - OUT

## કૉલેજમાં પ્રવેશ ઈચ્છનાર વિદ્યાર્થીઓ માટે

## ગૂ જ રા તી

# ભાષાશક્તિ કસોટી

[ ખંડ : ૧ ]

: પ્રયોજક :

પ્રા. કુલીનભાઈ પંડયા (એમ. એ., યુ. એસ. એ., એમ. એડ્.)

[ નીચે આપેલી સૂચનાઓ વાંચ્યા પછી તમને કહેવામાં આવે ત્યારે ઉત્તરો આપવાનું શરૂ કરો. ]

: સૂચના :

- આ તમારા સાહિત્યના જ્ઞાનની નહિ, પણ ભાષાકીય શક્તિની કસોટી છે.
- આ કસોટી તમારી પરીક્ષા લેવા માટે નથી, પરંતુ શૈક્ષણિક સંશોધન માટે છે. તેથી કસોટીમાં તમારું પરિણામ કેવું આવશે તે વિષે ચિંતા રાખ્યા વગર કસોટીમાંના પ્રશ્નોના ઉત્તર આપશો.
- તમારા ગુણાંક સંપૂર્ણપણે ખાનગી રાખવામાં આવશે અને તેનો ઉપયોગ ફક્ત સંશોધન માટે જ થશે.
- તમે સારામાં સારો દેખાવ કરી શકો એવી ધગશ રાખી કસોટીમાંના પ્રશ્નોના ઉત્તર આપશો.
- આ કસોટીપુસ્તિકામાં તમારે કશું જ લખવાનું નથી કે કશી નિશાની કરવાની નથી. આ સાથે તમને આપેલા ઉત્તરપત્રમાં જ તમારે યોગ્ય ચોકઠામાં × ની નિશાની કરવાની છે અથવા તો યોગ્ય ક્રમ લખવાનો છે. પ્રશ્નની ઉપર જે પ્રમાણે કરવાની સૂચના આપી હોય, તે પ્રમાણે કરશો.
- આ ભાષાશક્તિ કસોટી ચાર ખંડોમાં વહેંચાયેલી છે. દરેક ખંડના પ્રશ્નોના ઉત્તર આપી રહો એટલે તે માટે જેટલો સમય લાગ્યો હોય તેની નોંધ આપેલા ઉત્તરપત્રની ઉપરની બાજુએ ડાબા ખૂણા પર આપેલા ચોકઠામાં કરશો.
- સંશોધકને તેના કામમાં હાર્દિક સહકાર આપશો એવી આશા છે.

## ખંડ ૧ : શબ્દભંડોળ

### (અ) સમાનાર્થી શબ્દો

નીચે કેટલાક શબ્દો આપ્યા છે. તેમાંના પ્રત્યેકની સાથે તેના સમાનાર્થી શબ્દ તરીકે ચાર વિકલ્પ આપ્યા છે. સાચો વિકલ્પ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

(૧) અખિલ
(ક) સર્વ
(ખ) મહાન
(ગ) આખું
(ઘ) જગત

(૨) અતિશય
(ક) એકદમ
(ખ) લાંબું
(ગ) મોટું
(ઘ) ઘણું

(૩) અપેક્ષા
(ક) અવગણના
(ખ) ઇચ્છા
(ગ) અનાદર
(ઘ) ઉમેદ

(૪) અમાત્ય
(ક) રાજા
(ખ) સેવક
(ગ) નોકર
(ઘ) પ્રધાન

(૫) અવનિ
(ક) દુનિયા
(ખ) રાત્રિ
(ગ) સંધ્યા
(ઘ) પૃથ્વી

(૬) અશન
(ક) ભોજન
(ખ) ઉપવાસ
(ગ) પ્રસાદ
(ઘ) નાસ્તો

(૭) અંદેશો
(ક) સંદેહ
(ખ) ઈર્ષ્યા
(ગ) સંદેશો
(ઘ) સમાચાર

(૮) અંબર
(ક) સમુદ્ર
(ખ) પૃથ્વી
(ગ) આકાશ
(ઘ) પાતાળ

(૯) આક્રમણ
(ક) છાપો
(ખ) પીછેહઠ
(ગ) હુમલો
(ઘ) આમંત્રણ

(૧૦) આતપ
(ક) તાપ
(ખ) તપ
(ગ) તૃપ્ત
(ઘ) તપાવેલું

(૧૧) આરોહ
(ક) ઉતરાણ
(ખ) ચડાણ
(ગ) ચાલવું
(ઘ) જવું

(૧૨) આર્દ્ર
(ક) આદુ જેવું તીખું
(ખ) સરળ
(ગ) કોમળ
(ઘ) ભીનું

(૧૩) ઈન્દુ
(ક) સૂર્ય
(ખ) તારા
(ગ) નિહારિકા
(ઘ) ચન્દ્ર

(૧૪) ઉછરંગ
(ક) આનંદ
(ખ) ખોળો
(ગ) ગોદ
(ઘ) દુઃખ

(૧૫) ઉદ્યોત
(ક) વીજળી
(ખ) પ્રકાશ
(ગ) વાદળ
(ઘ) વર્ષા

(૧૬) ઉપહાર
(ક) નાસ્તો
(ખ) ખોરાક
(ગ) ભેટ
(ઘ) માળા

(૧૭) ઔદાર્ય
(ક) ધાર્મિકતા
(ખ) ઉદારતા
(ગ) કંજૂસાઈ
(ઘ) પ્રેમાળપણું

(૧૮) ઋજુતા
(ક) દૃઢતા
(ખ) રીઝવાનો ગુણ
(ગ) સરળતા
(ઘ) કોમળતા

(૧૯) કાસદ
(ક) ખેપિયો
(ખ) વણજારો
(ગ) વેપારી
(ઘ) હજૂરિયો

(૨૦) કાસાર
(ક) ઝરણું
(ખ) સરોવર
(ગ) નદી
(ઘ) સમુદ્ર

(૨૧) કાન્તિ
(ક) બળવો
(ખ) તેજ
(ગ) ફેરફાર
(ઘ) પ્રેમ

(૨૨) કિસ્તી
(ક) ખેડૂત
(ખ) કાતર
(ગ) હોડી
(ઘ) કિનારો

(૨૩) કૃત્રિમ
(ક) બનાવટી
(ખ) કૂતરાંને લગતું
(ગ) કૃતિ
(ઘ) અસર

(૨૪) કોપ
(ક) ઈર્ષ્યા
(ખ) પ્યાલો
(ગ) ખિન્ન
(ઘ) ક્રોધ

(૨૫) ખિતાબ
(ક) ઈનામ
(ખ) હિસાબ
(ગ) ઈલકાબ
(ઘ) ભેટ

(૨૬) ગંજીફો
(ક) ઘાસનો ઢગલો
(ખ) રમવાનાં પાનાંનો ઢગલો
(ગ) શરીર પર પહેરવાનું વસ્ત્ર
(ઘ) ગાંજાનો વ્યસની

(૨૭) ચાંપલું
( ક ) ખટપટિયું
( ખ ) ચિબાવલું
( ગ ) ગરબડિયું
( ઘ ) ઉતાવળિયું

(૨૮) ચિનગારી
( ક ) કોલસો
( ખ ) તણખો
( ગ ) દેવતા
( ઘ ) દીવાની વાટ

(૨૯) ચિર
( ક ) ચીરવું
( ખ ) લાંબું
( ગ ) ફાડ
( ઘ ) રેશમી વસ્ત્ર

(૩૦) ચિરાગ
( ક ) તણખો
( ખ ) વીજળી
( ગ ) બત્તી
( ઘ ) અગ્નિ

(૩૧) જિજીવિષા
( ક ) જીવવાની ઇચ્છા
( ખ ) જીતવાની ઇચ્છા
( ગ ) જાણવાની ઇચ્છા
( ઘ ) જોવાની ઇચ્છા

(૩૨) જુગુપ્સા
( ક ) ઈર્ષ્યા
( ખ ) શંકા
( ગ ) વેર
( ઘ ) ચીતરી

(૩૩) ટોણું
( ક ) શબ્દ
( ખ ) મહેણું
( ગ ) ટોળું
( ઘ ) તાકવું

(૩૪) તજ્જ્ઞ
( ક ) નિષ્ણાત
( ખ ) જ્ઞાની
( ગ ) જાણકાર
( ઘ ) વાકેફ

(૩૫) તત્કાળ
( ક ) તરત જ
( ખ ) જૂનું
( ગ ) પહેલાનું
( ઘ ) દુકાળ

(૩૬) તર્પણ
( ક ) તપ
( ખ ) તાપવું
( ગ ) તપેલું
( ઘ ) શ્રાદ્ધ

(૩૭) તૃપ્તિ
( ક ) સંતોષ
( ખ ) ધીરજ
( ગ ) તરસ
( ઘ ) શાંતિ

(૩૮) દરગુજર
( ક ) માફ
( ખ ) પસાર
( ગ ) દરરોજ
( ઘ ) મૃત્યુ

(૩૯) દાવાનળ
( ક ) આગ
( ખ ) પવન
( ગ ) દીવો
( ઘ ) વનમાં આપમેળે સળગતો અગ્નિ

(૪૦) દીન
( ક ) દિવસ
( ખ ) ધર્માંધ
( ગ ) ગરીબ
( ઘ ) નાથ

(૪૧) દુષ્ટ
( ક ) ખરાબ
( ખ ) નીચ
( ગ ) શઠ
( ઘ ) ક્રોધી

(૪૨) દ્રુમ
( ક ) પાંદડું
( ખ ) ઝાડ
( ગ ) ઘાસ
( ઘ ) જંગલ

(૪૩) ધૂંધળું
( ક ) ઘેરું
( ખ ) સ્પષ્ટ
( ગ ) ગંદું
( ઘ ) ઝાંખું

(૪૪) નર્મદા
( ક ) આનંદ આપનાર
( ખ ) યશ આપનાર
( ગ ) કીર્તિ આપનાર
( ઘ ) ધન આપનાર

(૪૫) નવનીત
( ક ) નવીન
( ખ ) માખણ
( ગ ) નિત્ય
( ઘ ) દહીં

(૪૬) નાખુદા
( ક ) વેપારી
( ખ ) વડીલ
( ગ ) વહાણનો ઉપરી
( ઘ ) ઈશ્વર

(૪૭) નિરાળું
( ક ) ભળેલું
( ખ ) નિર્મળ
( ગ ) અનોખું
( ઘ ) નિરાધાર

(૪૮) નિર્ભેળ
( ક ) નિર્મળ
( ખ ) સારું
( ગ ) ન્યારું
( ગ ) ચોખ્ખું

(૪૯) નિષ્ક્રમણ
( ક ) બહાર જવું
( ખ ) ઓળંગવું
( ગ ) ઊતરવું
( ઘ ) કૂદવું

(૫૦) નૈવેદ્ય
( ક ) પૂજાસામગ્રી
( ખ ) દેવનો પ્રસાદ
( ગ ) દહીં-ઘી
( ઘ ) વૈદ્ય

(૫૧) પથિક
( ક ) પથ્થર
( ખ ) વટેમાર્ગુ
( ગ ) ભોમિયો
( ઘ ) રસ્તો

(૫૨) પરાકાષ્ઠા
( ક ) પરાક્રમ
( ખ ) કાષ્ઠા
( ગ ) છેવટની હદ
( ઘ ) અંતર

(૫૩) પરિક્રમા
( ક ) દક્ષિણા
( ખ ) પ્રદક્ષિણા
( ગ ) દીક્ષા
( ઘ ) દિશા

(૫૪) પરિવર્તન
( ક ) બૂરું વર્તન
( ખ ) પરિણામ
( ગ ) સારું વર્તન
( ઘ ) ફેરફાર

(૫૫) પરિચારિકા
( ક ) મહિલા ચોકીદાર
( ખ ) દવાખાનામાં સારવાર કરનાર સ્ત્રી
( ગ ) નોકર બાઈ
( ઘ ) મહિલા કારકુન

(૫૬) પલ્લવ
( ક ) ઝાડ
( ખ ) પાંદડું
( ગ ) પાલવ
( ઘ ) થડ

(૫૭) પંકજ
( ક ) કાદવ
( ખ ) કમળ
( ગ ) પક્ષી
( ઘ ) ફૂલ

(૫૮) પુંજ
( ક ) કચરો
( ખ ) ઢગલો
( ગ ) પ્રકાશ
( ઘ ) પૂજ્ય

(૫૯) પ્રકૃતિ
( ક ) શક્તિ
( ખ ) કુદરત
( ગ ) રાત્રિ
( ઘ ) સર્જન

(૬૦) પ્રાસાદ
( ક ) મહેલ
( ખ ) દેવને ધરાવેલી સામગ્રી
( ગ ) નૈવેદ્ય
( ઘ ) મકાન

(૬૧) ભોમિયો
( ક ) રખડુ
( ખ ) જાણકાર
( ગ ) અજાણ્યો
( ઘ ) ભમરો

(૬૨) મજલ
( ક ) મકાન
( ખ ) માઈલ
( ગ ) મુકામ
( ઘ ) મેડો

(૬૩) મહેરામણ
( ક ) ટોળું
( ખ ) સમુદ્ર
( ગ ) લોઢો
( ઘ ) મોતી

(૬૪) માલિન્ય
( ક ) માળા
( ખ ) સુમેળ
( ગ ) મેલ
( ઘ ) મેલાપણું

(૬૫) માહાત્મ્ય
( ક ) મોટું
( ખ ) મહિમા
( ગ ) મહાન
( ઘ ) મહાત્મા

(૬૬) મિતાહારી
( ક ) ખૂબ ખાનાર
( ખ ) ઓછું ખાનાર
( ગ ) ઉપવાસી
( ઘ ) પ્રમાણસર ખાનાર

(૬૭) મુકુર
( ક ) મુગટ
( ખ ) મોર
( ગ ) આરસી
( ઘ ) મસ્તક

(૬૮) યાચના
( ક ) ભિક્ષા
( ખ ) વિનંતી
( ગ ) પ્રાર્થના
( ઘ ) માગણી

(૬૯) રંજ
(ક) ખેદ
(ખ) આનંદ
(ગ) રમૂજ
(ઘ) ધૂળ

(૭૦) રાહદારી
(ક) પ્રતીક્ષા
(ખ) રસ્તો
(ગ) વટેમાર્ગુ
(ઘ) સાથીદાર

(૭૧) વાગ્બાણુ
(ક) રામબાણુ
(ખ) ઈલાજ
(ગ) મહેણું
(ઘ) નિશાન

(૭૨) વારાંગના
(ક) ગણિકા
(ખ) બહાદુર સ્ત્રી
(ગ) સુંદર અંગોવાળી સ્ત્રી
(ઘ) દેવલોકની સ્ત્રી

(૭૩) વિજ્ઞપ્તિ
(ક) વિજ્ઞાન
(ખ) વિનંતી
(ગ) વિનય
(ઘ) વિશેષ

(૭૪) વિપ્રયોગ
(ક) પ્રયોગ
(ખ) ઉપયોગ
(ગ) યોગ
(ઘ) વિયોગ

(૭૫) વિહંગ
(ક) નજર
(ખ) આકાશ
(ગ) પંખી
(ઘ) સાપ

(૭૬) વેણુ
(ક) વેણી
(ખ) વહેણુ
(ગ) શબ્દ
(ઘ) ખેંચ

(૭૭) વૈમનસ્ય
(ક) વેર
(ખ) ઈર્ષ્યા
(ગ) વિમાસણુ
(ઘ) વિચારવું

(૭૮) શશી
(ક) ગ્રહ
(ખ) સૂર્ય
(ગ) ચંદ્ર
(ઘ) સ્ત્રી

(૭૯) સહાનુભૂતિ
(ક) મદદ
(ખ) દિલસોજી
(ગ) સહનશીલતા
(ઘ) સથવારો

(૮૦) સંકેત
(ક) શંકા
(ખ) ભય
(ગ) ઈશારો
(ઘ) સંકલ્પ

(૮૧) સાદશ્ય
(ક) જોવા જેવું
(ખ) સમાનતા
(ગ) જોવાની શકિત
(ઘ) દેખાવ

(૮૨) સામંજસ્ય
(ક) ઔચિત્ય
(ખ) ઉત્સુકતા
(ગ) ઉદાસીનતા
(ઘ) ઉત્સાહ

(૮૩) સિતારો
(ક) નટ
(ખ) ભાગ્ય
(ગ) વાદ્ય
(ઘ) તારો

(૮૪) સુભટ
(ક) વીર પુરુષ
(ખ) રખેવાળ
(ગ) અનુચર
(ઘ) અંગરક્ષક

(૮૫) સુહાગ
(ક) સુવાસ
(ખ) સુંદર
(ગ) સૌભાગ્ય
(ઘ) કુમકુમ

(૮૬) સેતુ
(ક) શેતૂર
(ખ) પુલ
(ગ) શ્વેત
(ઘ) સરખું

(૮૭) સ્નિગ્ધ
(ક) લીસું
(ખ) પ્રેમાળ
(ગ) કોમળ
(ઘ) સરળ

(૮૮) હેરત
(ક) ખૂબી
(ખ) નવાઈ
(ગ) ધ્રાસકો
(ઘ) ઝડપ

(૮૯) હેલ
(ક) માછલી
(ખ) ટોળી
(ગ) બેડું
(ઘ) ગાડું

(૯૦) હુતાશન
(ક) અગ્નિ
(ખ) આહુતિ
(ગ) બલિદાન
(ઘ) ભોગ

## (આ) વિરુદ્ધાર્થી શબ્દો

(ક) क વિભાગમાં આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ ख વિભાગમાંથી શોધી કાઢી તેનો ક્રમ આપેલા ઉત્તરપત્રમાંના યોગ્ય ચોકઠામાં લખો :

( યાદ રાખો, આ વખતે તમારે '×' નથી કરવાની, પણ ક્રમ લખવાનો છે. )

| | क | ख |
|---|---|---|
| (૧) | (૯૧) આશા | ૧ સર્વદેશી |
| | (૯૨) જંગલી | ૨ ધન્યવાદ |
| | (૯૩) ધન | ૩ નિરાશા |
| | (૯૪) એકદેશી | ૪ વિદેશી |
| | (૯૫) ઠપકો | ૫ પાળેલું |
| | | ૬ ફિટકાર |
| | | ૭ ચોરસ |

| | क | ख |
|---|---|---|
| (૨) | (૯૬) વહાલું | ૧ ખેબાકળું |
| | (૯૭) ઉછાંછળું | ૨ અળખામણું |
| | (૯૮) દુર્લભ | ૩ વલ્લભ |
| | (૯૯) ઠંડું | ૪ ઠરેલું |
| | (૧૦૦) તેજી | ૫ મંદી |
| | | ૬ સુલભ |
| | | ૭ ગરમ |

| | क | ख |
|---|---|---|
| (૩) | (૧૦૧) દેવાદાર | ૧ સજ્જન |
| | (૧૦૨) નજીક | ૨ સાક્ષર |
| | (૧૦૩) દુર્જન | ૩ દૂર |
| | (૧૦૪) નિરક્ષર | ૪ ભણેલું |
| | (૧૦૫) પહેલું | ૫ લેણદાર |
| | | ૬ બીજું |
| | | ૭ છેલ્લું |

| क | ख |
| --- | --- |
| (૧૦૬) કાયર | ૧ સારું |
| (૧૦૭) દેવું | ૨ લેણું |
| (૧૦૮) ખરાબ | ૩ શૂર |
| (૧૦૯) કપૂત | ૪ તદ્‌ભવ |
| (૧૧૦) તત્સમ | ૫ રોકડ |
| | ૬ બાયલું |
| | ૭ સપૂત |

| क | ख |
| --- | --- |
| (૧૧૧) ઝેર | ૧ પાતળું |
| (૧૧૨) આગેકૂચ | ૨ પડતી |
| (૧૧૩) જાડું | ૩ અમૃત |
| (૧૧૪) ગમો | ૪ અઢતી |
| (૧૧૫) ચડતી | ૫ પીછેહઠ |
| | ૬ અણગમો |
| | ૭ લીસું |

| क | ख |
| --- | --- |
| (૧૧૬) આદર | ૧ રંક |
| (૧૧૭) ખંડન | ૨ નરમ |
| (૧૧૮) રાય | ૩ સાદર |
| (૧૧૯) આયાત | ૪ મંડન |
| (૧૨૦) કડક | ૫ પોચું |
| | ૬ નિકાસ |
| | ૭ અનાદર |

| क | ख |
| --- | --- |
| (૧૨૧) ચડ | ૧ અસ્ત |
| (૧૨૨) શહેર | ૨ કંજૂસ |
| (૧૨૩) ઉદય | ૩ પડ |
| (૧૨૪) કાચું | ૪ ઊતર |
| (૧૨૫) ઉડાઉ | ૫ કરકસરિયું |
| | ૬ પાકું |
| | ૭ ગામ |

| क | ख |
|---|---|
| (૧૨૬) અતિવૃષ્ટિ | ૧ પુરાતન |
| (૧૨૭) અધમ | ૨ અનાવૃષ્ટિ |
| (૧૨૮) અદ્યતન | ૩ પૂરું |
| (૧૨૯) અડતલ | ૪ ઉત્તમ |
| (૧૩૦) અધૂરું | ૫ આધુનિક |
| | ૬ મુદ્દલ |
| | ૭ મજબૂત |

| क | ख |
|---|---|
| (૧૩૧) અગમબુદ્ધિ | ૧ મીઠું |
| (૧૩૨) પોકળ | ૨ સગવડ |
| (૧૩૩) અગવડ | ૩ શરમાળ |
| (૧૩૪) અતડું | ૪ પચ્છમબુદ્ધિ |
| (૧૩૫) કડવું | ૫ ખાટું |
| | ૬ નક્કર |
| | ૭ મળતાવડું |

| क | ख |
|---|---|
| (૧૩૬) ઉષા | ૧ આપકર્મી |
| (૧૩૭) ગરીબ | ૨ ન્યૂન |
| (૧૩૮) આપકર્મી | ૩ વિગ્રહ |
| (૧૩૯) અધિક | ૪ પરાક્રમી |
| (૧૪૦) સમાસ | ૫ સંધ્યા |
| | ૬ અમીર |
| | ૭ સંધિ |

| क | ख |
|---|---|
| (૧૪૧) ઉત્થાન | ૧ દયાળુ |
| (૧૪૨) જ્યેષ્ઠ | ૨ કૃતઘ્ન |
| (૧૪૩) ક્રૂર | ૩ કનિષ્ઠ |
| (૧૪૪) ચંચળ | ૪ પતન |
| (૧૪૫) કૃતજ્ઞ | ૫ શ્રેષ્ઠ |
| | ૬ સ્થિર |
| | ૭ પ્રસ્થાન |

| क | ख |
|---|---|
| (૧૪૬) અસલ | ૧ પ્રગતિ |
| (૧૪૭) અંધકાર | ૨ જન્મોત્રી |
| (૧૪૮) કંકોત્રી | ૩ અંત |
| (૧૪૯) આરંભ | ૪ ઊર્ધ્વગતિ |
| (૧૫૦) અધોગતિ | ૫ નકલ |
| | ૬ કાળોત્રી |
| | ૭ પ્રકાશ |

| क | ख |
|---|---|
| (૧૫૧) કાયમી | ૧ થડપણ |
| (૧૫૨) જોબન | ૨ ખોટું |
| (૧૫૩) ગર્વ | ૩ હંગામી |
| (૧૫૪) ખરું | ૪ સ્થાવર |
| (૧૫૫) જંગમ | ૫ અભિમાન |
| | ૬ નમ્રતા |
| | ૭ બાળપણ |

| क | ख |
|---|---|
| (૧૫૬) પુરોગામી | ૧ સૌમ્ય |
| (૧૫૭) અનુકૂળ | ૨ સાનુકૂળ |
| (૧૫૮) આસ્તિક | ૩ બદબો |
| (૧૫૯) ઉગ્ર | ૪ અધોગામી |
| (૧૬૦) ખુશબો | ૫ પ્રતિકૂળ |
| | ૬ નાસ્તિક |
| | ૭ અનુગામી |

| क | ख |
|---|---|
| (૧૬૧) ગદ્ય | ૧ પરોપકાર |
| (૧૬૨) આશિષ | ૨ અપકાર |
| (૧૬૩) દેવ | ૩ માનવ |
| (૧૬૪) ઉપકાર | ૪ સર્વાંગી |
| (૧૬૫) એકાંગી | ૫ પદ્ય |
| | ૬ શાપ |
| | ૭ દાનવ |

(ખ) નીચે કેટલાક શબ્દો આપ્યા છે. તેમાંના પ્રત્યેકની સાથે તેના વિરુદ્ધાર્થી શબ્દ તરીકે ચાર વિકલ્પ આપ્યા છે. સાચો વિકલ્પ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો:

(૧૬૬) અખંડ
(ક) ખંડિયેર
(ખ) ક્ષીણ
(ગ) ખંડિત
(ઘ) જીર્ણ

(૧૬૭) અમર
(ક) અચળ
(ખ) મૃત
(ગ) પરિવર્તનશીલ
(ઘ) નાશવંત

(૧૬૮) ઉદાર
(ક) ઊડાઉ
(ખ) કરકસરી
(ગ) ખચીળ
(ઘ) કંજૂસ

(૧૬૯) નિમકહરામ
(ક) નિમકહલાલ
(ખ) નિમકદાર
(ગ) નિમકીન
(ઘ) હરામખોર

(૧૭૦) પ્રત્યક્ષ
(ક) અક્ષ
(ખ) અધ્યક્ષ
(ગ) પરોક્ષ
(ઘ) સમકક્ષ

(૧૭૧) પ્રવૃત્તિ
(ક) આળસ
(ખ) નિવૃત્તિ
(ગ) આરામ
(ઘ) કામ

(૧૭૨) સુગમ
(ક) સરળ
(ખ) દુર્ગમ
(ગ) અગમ્ય
(ઘ) સૂગાળ

(૧૭૩) સ્તુતિ
(ક) નિંદા
(ખ) ઠપકો
(ગ) ક્રોધ
(ઘ) વખાણ

(૧૭૪) સ્વાવલંબી
(ક) અવલંબી
(ખ) પરાવલંબી
(ગ) સ્વાધીન
(ઘ) પરસ્પરાવલંબી

(૧૭૫) રાગ
(ક) દ્વેષ
(ખ) મત્સર
(ગ) ઈર્ષ્યા
(ઘ) ક્રોધ

(ञि) નીચેનાં વાક્યોમાં જે એક શબ્દ અયોગ્ય રીતે વપરાયેલો લાગતો હોય તેની નીચેનો આંકડો આપેલા ઉત્તરપત્રમાંના ચોકઠામાં લખો :

(૧૭૬) મારો બાળપણનો ભેરુ મને મળવા આવે છે એ જાણી મને ખૂબ જ
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
નિજાનંદ થયો.
૧૩ ૧૪

(૧૭૭) યુદ્ધે ચડેલા બે દેશો પરસ્પર વિષાદવૃત્તિ દાખવે છે.
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮

(૧૭૮) ગાંધીજીનું જીવન સાદાઈ અને પવિત્રતાના ભપકાથી રંગાયેલું હતું.
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮

(૧૭૯) પોતાનું પ્રિય પુસ્તક લાંબે ગાળે અચાનક જડતાં છાયાને ખૂબ જ ગ્લાનિ થઈ.
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

(૧૮૦) મુમતાઝબેગમના વાત્સલ્યના સ્મારક તરીકે શાહજહાને તાજમહાલ બંધાવ્યો.
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭

## ( ञी ) સંધિદ્વારા બનતા શબ્દો

નીચે કેટલાક શબ્દોની સંધિ છૂટી પાડી છે. તે માટે ત્રણ ત્રણ વિકલ્પો ( क ), ( ख ), ( ग ) એમ ત્રણ ખાનામાં આપ્યા છે. સાચો વિકલ્પ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

| | ( ક ) | ( ખ ) | ( ગ ) |
|---|---|---|---|
| (૧૮૧) ફલાહાર | : ફલ + આહાર, | ફલા + હાર, | ફલાહ + અર |
| (૧૮૨) પ્રત્યેક | : પ્રત્ય + એક, | પ્રતિ + એક, | પ્રતી + એક |
| (૧૮૩) સ્વચ્છ | : સુ + અચ્છ, | સ્વ + છ | સ્વ + અચ્છ |
| (૧૮૪) પરીક્ષા | : પરી + ક્ષા, | પરિ + ઈક્ષા, | પરી + ઈક્ષા |
| (૧૮૫) વિદ્યાલય | : વિદ્યા + લય, | વિદ્યા + આલય, | વિદ્ય + અલય |
| (૧૮૬) તલ્લીન | : તલ્ + લીન, | તલ્લ + ઈન, | તદ્ + લીન |
| (૧૮૭) અચ્છેર | : અચ્ + છેર, | અધ્ + શેર, | અચ્છે + એર |
| (૧૮૮) સ્વાધ્યાય | : સ્વ + અધ્યાય, | સ્વા + ધ્યાય, | સ્વાધ્ય + અય |
| (૧૮૯) દિગંબર | : દિશ્ + અંબર, | દિગ્ + અંબર, | દિ + ગંબર |
| (૧૯૦) સદૈવ | : સદા + એવ, | સદ્ + ઐવ, | સત્ + દેવ |
| (૧૯૧) દિગ્દર્શન | : દિશ્ + દર્શન, | દિગ + દર્શન, | દિગ્દર્શ + અન |
| (૧૯૨) વિષમ | : વિ + સમ, | વિષ + મ, | વિ + ષમ |
| (૧૯૩) નિષ્ણાત | : નિસ્ + નાત, | નિ + સ્નાત, | નિષ્ણ + આત |
| (૧૯૪) વાગ્વિલાસ | : વાગ + વિલાસ, | વાદ + વિલાસ, | વાક્ + વિલાસ |
| (૧૯૫) અભ્યુદય | : અભિ + ઉદય, | અભ્ય + ઉદય, | અભ્ + યુદય |

## (ઙ) રૂઢ પ્રયોગો

(ક) નીચે કેટલાક રૂઢપ્રયોગો આપ્યા છે. તેની સાથે તેના સંભવિત અર્થ આપ્યા છે. યોગ્ય વિકલ્પ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં ×ની નિશાની કરો :

(૧૯૬) મોરનાં ઇંડાં ચીતરવાં
- (ક) હોશિયાર બનાવવું
- (ખ) સારી વસ્તુને વધુ સારી બનાવવી
- (ગ) કલાત્મક બનાવવું
- (ઘ) આકર્ષક ચીતરામણ કરવું

(૧૯૭) શેર લોહી ચડવું
- (ક) તંદુરસ્ત બનવું
- (ખ) શક્તિમાન બનવું
- (ગ) આનંદિત થવું
- (ઘ) લાભ થવો

(૧૯૮) જીવ ઊઠી જવો
- (ક) મૃત્યુ પામવું
- (ખ) જીવ ઊડી જવો
- (ગ) વલોપાત કરવો
- (ઘ) આકુળ વ્યાકુળ થઈ જવું

(૧૯૯) નામનું નાહી નાખવું
- (ક) મૂએલો ગણવો
- (ખ) આશા છોડી દેવી
- (ગ) સંબંધ તોડી નાખવા
- (ઘ) નામ અદૃશ્ય થવું

(૨૦૦) ભૂરકી નાખવી
- (ક) ધૂળ નાખવી
- (ખ) વશીકરણ કરવું
- (ગ) ભરખી જવું
- (ઘ) ભૂકી છાંટવી

(૨૦૧) રાફડો ફાટવો
- (ક) મોટી સંખ્યામાં બહાર પડવું
- (ખ) ગઢ તૂટી પડવો
- (ગ) કીડી–મકોડી ઉમટવી
- (ઘ) ખાતર પાડવું

(૨૦૨) દી ઊઠવો
( ક ) ચઢતી આવવી
( ખ ) પડતી દશા આવવી
( ગ ) ફળીભૂત થવું
( ઘ ) દિવસ પૂરો થવો

(૨૦૩) ખબર લેવી
( ક ) ખૂબ ઠપકો આપવો
( ખ ) સારા સમાચાર પૂછવા
( ગ ) માર મારવો
( ઘ ) ભાળ કાઢવી

(૨૦૪) માથે પડવું
( ક ) દોષિત ઠેરવવું
( ખ ) ભારરૂપ થવું
( ગ ) જવાબદારી લાદવી
( ઘ ) વિઘ્નરૂપ બનવું

(૨૦૫) હાથ મારવો
( ક ) ચોરી કરવી
( ખ ) નિરાશા મળવી
( ગ ) સખ્ત ફટકારવું
( ઘ ) પહેલ કરવી

( ખ ) क વિભાગમાં કેટલાક રૂઢપ્રયોગો આપ્યા છે. ख વિભાગમાંથી તેનો યોગ્ય અર્થ બતાવતા વિકલ્પો શોધી તેમનો ક્રમ આપેલા ઉત્તરપત્રમાંના ચોકઠામાં લખો :

( યાદ રાખો, અહીં તમારે × નથી કરવાની, પણ ક્રમ લખવાનો છે. )

| क | ख |
|---|---|
| (૨૦૬) મુખમાં તરણું લેવું | ૧ પ્રતિજ્ઞા કરવી |
| (૨૦૭) પાણી મૂકવું | ૨ મુશ્કેલીમાં મૂકાવું |
| (૨૦૮) હાથ ઘસતા રહી જવું | ૩ હારી જવું |
| (૨૦૯) ઊંડા પાણીમાં ઉતરવું | ૪ મુસીબતનો સામનો કરવો |
| | ૫ નિષ્ફળ જવું |
| | ૬ લાચારીથી હાર કબૂલ રાખવી |

| क | | ख | |
|---|---|---|---|
| (૨૧૦) | પાણી વલોવવું | ૧ | તિરસ્કારથી જોવું |
| (૨૧૧) | લોઢાના ચણા ચાવવા | ૨ | બળની કસોટી થવી |
| (૨૧૨) | નાકનું ટેરવું ચડાવવું | ૩ | ખૂબ મુશ્કેલ કાર્ય હોવું |
| (૨૧૩) | પાણી મપાઈ જવું | ૪ | ખૂબ પરિશ્રમ કરવો |
| | | ૫ | વ્યર્થ મહેનત કરવી |
| | | ૬ | સાહસ કરવું |

| क | | ख | |
|---|---|---|---|
| (૨૧૪) | પાણીચું આપવું | ૧ | ખૂબ અનુભવી હોવું |
| (૨૧૫) | ગામ ગામનાં પાણી પીવાં | ૨ | ઊંડા મૂળ નાખવાં |
| (૨૧૬) | ઘર ઘાલવું | ૩ | બરતરફ કરવું |
| (૨૧૭) | જગબત્રીસીએ ચડવું | ૪ | નામના મેળવવી |
| | | ૫ | ચોમેર વગોવાવું |
| | | ૬ | રદબાતલ કરવું |

| क | | ख | |
|---|---|---|---|
| (૨૧૮) | કડવા ઘૂંટડા ગળવા | ૧ | છેતરપિંડી કરવી |
| (૨૧૯) | હથેળીમાં ચાંદ દેખાડવો | ૨ | ખૂબ મોટી આશા આપવી |
| (૨૨૦) | ઊઠા ભણાવવા | ૩ | ક્રોધમાં પણ શાંતિ રાખવી |
| (૨૨૧) | ગમ ખાવી | ૪ | ખોટું કહી છેતરવું |
| | | ૫ | વાયદા કરવા |
| | | ૬ | અપમાન સહન કરવું |

| क | | ख | |
|---|---|---|---|
| (૨૨૨) | દાંત કાઢવા | ૧ | મહેનત કરવી |
| (૨૨૩) | છક્કડ ખાવી | ૨ | દાંત તોડી નાખવા |
| (૨૨૪) | માથાફોડ કરવી | ૩ | ભૂલ કરવી |
| (૨૨૫) | પાછી પાની કરવી | ૪ | હસવું |
| | | ૫ | તમાચો મારવો |
| | | ૬ | પાછા હઠવું |

## (ऊ) કહેવતો

### (ક) સમાનાર્થી કહેવતો :

નીચે क વિભાગમાં કેટલીક કહેવતો આપી છે. ख વિભાગમાં તેમાંની દરેક કહેવતના અર્થ તરીકે ચાર ચાર વિકલ્પ આપ્યા છે. સાચો વિકલ્પ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો:

| क | ख |
|---|---|
| (૨૨૬) આભ ફાટ્યું ત્યાં થીંગડું ક્યાં દેવું ? | (ક) ગમે તેટલું બગડેલું કામ ધીરજથી સુધરે છે.<br>(ખ) ગમે તેટલું બગડેલું કામ થોડાક પ્રયત્નથી સુધરે છે.<br>(ગ) ખૂબ બગડી ગયેલા કામનો ઈલાજ હોતો નથી.<br>(ઘ) ખૂબ બગડી ગયેલી વસ્તુનો નાશ જ કરવો જોઈએ. |
| (૨૨૭) મૂઈ ભેંસના મોટા ડોળા. | (ક) ભેંસ મર્યા પછી તેની આંખો ફૂલીને મોટી થાય છે.<br>(ખ) વ્યક્તિએ પોતાની કદર કરાવવા મરી જવું જોઈએ.<br>(ગ) મોટા ડોળા કાઢવાથી ભેંસ મરી જાય છે.<br>(ઘ) વ્યક્તિની હયાતી બાદ તેની કદર થાય. |
| (૨૨૮) નેવનાં પાણી મોભે ન ચઢે. | (ક) અશક્ય વાત કદી શક્ય ન બને.<br>(ખ) શક્ય વાત કદી અશક્ય ન બને.<br>(ગ) સત્ય હોય તે કદી અસત્ય ન બને.<br>(ઘ) નીચા કુળવાળા ઊંચા ન બની શકે. |
| (૨૨૯) પાઘડીનો વળ છેડે. | (ક) કામને પહેલેથી સારું કરવું કે જેથી તેનો અંત સારો આવે.<br>(ખ) સારા કામનું પરિણામ સારું આવે છે.<br>(ગ) ચોકસાઈથી કામ કરવું.<br>(ઘ) કામના પરિણામથી જ કામ પરખાય છે. |
| (૨૩૦) જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. | (ક) જેવા બીજા હોય તેવા આપણે થઈએ.<br>(ખ) જેવા પોતે તેવા બીજા દેખાય.<br>(ગ) આંખ ખોલીએ એટલે આખું જગત દેખાય.<br>(ઘ) જોયા પછી તરત સર્જન કરવું. |

(ખ) સમાનાર્થી કહેવતો :

નીચે क विભાગમાં કેટલીક કહેવતો આપી છે. ख વિભાગમાંથી તેના જેવા અર્થવાળી કહેવતો શોધી તેમનો ક્રમ આપેલા ઉત્તરપત્રમાંના યોગ્ય ચોકઠામાં લખો :

( × કરશો નહિ, પણ ક્રમ લખશો. )

| क | ख |
| --- | --- |
| (૨૩૧) ગામ ત્યાં ઢેડવાડો. | ૧ વાંકોચૂકો પણ ઘઉંનો રોટલો. |
| (૨૩૨) ભાંગ્યું તોય ભરૂચ. | ૨ ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન. |
| (૨૩૩) આહાર તેવો ઓડકાર. | ૩ જેવું વાવો તેવું લણો. |
| (૨૩૪) ખાડો ખોદે તે પડે. | ૪ જેવું અન્ન તેવું મન. |
| | ૫ ખાલી ચણો વાગે ઘણો. |
| | ૬ મિયાં પડે તોય ટાંગ ઊંચી. |
| | ૭ ઘેર ઘેર માટીના ચૂલા. |

| क | ख |
| --- | --- |
| (૨૩૫) હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. | ૧ નહીં કરવાનાં હજાર બહાનાં. |
| (૨૩૬) પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય. | ૨ જેની આંખમાં કમળો હોય તે પીળું દેખે. |
| (૨૩૭) એક પંથ દો કાજ. | ૩ દોરડી બળે, પણ વળ ન મૂકે. |
| (૨૩૮) નાચવું નહિ ત્યારે આંગણું વાંકું. | ૪ એક કરતાં બે ભલા. |
| | ૫ એકને ગોળ, બીજાને ખોર. |
| | ૬ પેટ ચોળી શૂળ પેદા કર્યું. |
| | ૭ દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી. |

| क | ख |
| --- | --- |
| (૨૩૯) કાગનો વાઘ કરવો. | ૧ હાથીના દાંત દેખાડવાના જુદા ને ચાવવાના જુદા. |
| (૨૪૦) ટાઢે પાણીએ ખસ ગઈ. | ૨ બકરું કાઢતાં ઊંટ પેસે. |
| (૨૪૧) મુખમેં રામ બગલમેં છૂરી. | ૩ રજનો ગજ કરવો. |
| (૨૪૨) જાગ્યા ત્યાંથી સવાર. | ૪ કાગનું બેસવું અને તાડનું પડવું. |
| | ૫ ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. |
| | ૬ હૈયામાં હોશ અને મોઢે ના, ના. |
| | ૭ ઢેડ મૂઓ ને આભડછેટ ટળી. |

| क | ख |
| --- | --- |
| (૨૪૩) ટીપે ટીપે સરોવર ભરાય. | ૧ એક ઘાએ કૂવો ખોદાય નહિ. |
| (૨૪૪) બે ઘરનો પરોણો ભૂખે મરે. | ૨ મૂળમાં પાયો જ નહીં ત્યાં ચણતર શું ? |
| (૨૪૫) સાપનો કરડ્યો સીંદરીથી ડરે. | ૩ સાપ ગયા અને લીસોટા રહ્યા. |
| (૨૪૬) કૂવામાં હોય તો હવાડામાં આવે. | ૪ દમડી દમડી કરતાં રૂપિયો થાય. |
| | ૫ સૂડી વચ્ચે સોપારી |
| | ૬ દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીએ. |
| | ૭ હસવું અને ભસવું સાથે નહિ બને. |

| क | ख |
| --- | --- |
| (૨૪૭) જ્યાં શીરીં તો મુલકગીરી. | ૧ હૈયે હોય તે હોઠે આવે. |
| (૨૪૮) ઘાંચીનો બળદ, ઠેર નો ઠેર. | ૨ કાંત્યું પીંજ્યું, રૂ નું રૂ. |
| (૨૪૯) વૃદ્ધા નારી પ્રતિવ્રતા. | ૩ ધીરજનાં ફળ મીઠાં. |
| (૨૫૦) સાપે છછુંદર ગળ્યું. | ૪ સૂડી વચ્ચે સોપારી. |
| | ૫ ઓઢનું ચોડ વેતરવું. |
| | ૬ બુઢ્ઢા જોગી, સહેજે જતિ. |
| | ૭ મીઠી જીભ, સઘળું સિદ્ધ. |

( ગ ) વિરુદ્ધાર્થી કહેવતો :

નીચે કેટલીક કહેવતો આપી છે. તેમાંની દરેકની સાથે તેના વિરુદ્ધ અર્થવાળી કહેવતો તરીકે ચાર ચાર વિકલ્પો આપ્યા છે. સાચો વિકલ્પ પસંદ કરી સાથે આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં ×ની નિશાની કરો :

(૨૫૧) માગ્યા વિના મા પણ ન પીરસે.
( ક ) બોલે તેનાં બોર વેચાય.
( ખ ) ફરે તે ચરે.
( ગ ) માગ્યા કરતાં મરવું ભલું.
( ઘ ) સબસે ભલી ચૂપ.

(૨૫૨) નમ્યું તે ભગવાનને ગમ્યું.
( ક ) આપ ભલા તો જગ ભલા.
( ખ ) દયાની માને ડાકણ ખાય.
( ગ ) નીચી બોરડી સૌ કોઈ ઝૂડે.
( ઘ ) ભલાઈ કરતાં ભૂત વળગે.

(૨૫૩) ઉતાવળે આંબા પાકે નહિ.
( ક ) અણબોલાવ્યે બોલે તે તણખલાને તોલે.
( ખ ) ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.
( ગ ) ધીરજનાં ફળ મીઠાં.
( ઘ ) મુલતવી રાખવાનાં માઠાં ફળ.

# TRY - OUT

## કૉલેજમાં પ્રવેશ ઈચ્છનાર વિદ્યાર્થીઓ માટે

## ગૂ જ રા તી

# ભાષાશક્તિ કસોટી

[ ખંડ : ૨ ]

▣

: પ્રયોજક :

પ્રા. કુલીનભાઈ પંડયા (એમ. એ., યુ. એસ. એ., એમ.એડ્.)

▣

[નીચે આપેલી સૂચનાઓ વાંચ્યા પછી તમને કહેવામાં આવે ત્યારે ઉત્તરો આપવાનું શરૂ કરો.]

: સૂચના :

▣ આ તમારા સાહિત્યના જ્ઞાનની નહિ, પણ ભાષાકીય શક્તિની કસોટી છે.

▣ આ કસોટી તમારી પરીક્ષા લેવા માટે નથી, પરંતુ શૈક્ષણિક સંશોધન માટે છે. તેથી કસોટીમાં તમારું પરિણામ કેવું આવશે તે વિષે ચિંતા રાખ્યા વગર કસોટીમાંના પ્રશ્નોના ઉત્તર આપશો.

▣ તમારા ગુણાંક સંપૂર્ણપણે ખાનગી રાખવામાં આવશે અને તેનો ઉપયોગ ફક્ત સંશોધન માટે જ થશે.

▣ તમે સારામાં સારો દેખાવ કરી શકો એવી ધગશ રાખી કસોટીમાંના પ્રશ્નોના ઉત્તર આપશો.

▣ આ કસોટીપુસ્તિકામાં તમારે કશું જ લખવાનું નથી કે કશી નિશાની કરવાની નથી. આ સાથે તમને આપેલા ઉત્તરપત્રમાં જ તમારે યોગ્ય ચોકઠામાં × ની નિશાની કરવાની છે અથવા તો યોગ્ય ક્રમ લખવાનો છે. પ્રશ્નની ઉપર જે પ્રમાણે કરવાની સૂચના આપી હોય, તે પ્રમાણે કરશો.

▣ આ ભાષાશક્તિ કસોટી ચાર ખંડોમાં વહેંચાયેલી છે. દરેક ખંડના પ્રશ્નોના ઉત્તર આપી રહો એટલે તે માટે જેટલો સમય લાગ્યો હોય તેની નોંધ આપેલા ઉત્તરપત્રની ઉપરની બાજુએ ડાબા ખૂણા પર આપેલા ચોકઠામાં કરશો.

▣ સંશોધકને તેના કામમાં હાર્દિક સહકાર આપશો એવી આશા છે.

▣

## ખંડ ૨ : અભિવ્યક્તિ

### ( અ ) વાક્ય રચના

( ક ) નીચે આપેલાં વાક્યોમાં ખાલી જગ્યા આપી છે. એ દરેક ખાલી જગ્યા પૂરવા માટે શક્ય ઉત્તર તરીકે ત્રણ ત્રણ શબ્દો આપ્યા છે. તેમાંથી એક જ શબ્દ સાચો છે. સાચો શબ્દ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

[ ૧ ] તે ——— ઝાડ પર ચડી ગયો.
( ક ) ઝડપ, ( ખ ) ઝડપી, ( ગ ) ઝડપથી

[ ૨ ] ફૂલનું ——— બધાને ગમે છે.
( ક ) સુંદર, ( ખ ) સૌન્દર્ય, ( ગ ) સુંદરતા

[ ૩ ] લોકોનું ——— શહેર તરફ જતું હતું.
( ક ) ઠઠ, ( ખ ) પલટણ, ( ગ ) ટોળું

[ ૪ ] રામશાસ્ત્રીની ——— ઇતિહાસપ્રસિદ્ધ છે.
( ક ) પ્રમાણિક, ( ખ ) પ્રમાણ્ય, ( ગ ) પ્રામાણિકતા

[ ૫ ] ——— સ્વભાવને કારણે તેને સહન કરવું પડે છે.
( ક ) શરમ, ( ખ ) શરમાળ, ( ગ ) શરમી

[ ૬ ] સમ્રાટ હર્ષે શ્યેનચાંગની કીર્તિ ——— .
( ક ) સાંભળશે, ( ખ ) સાંભળે, ( ગ ) સાંભળેલી

[ ૭ ] અમારી નૌકા પાણી પર સરળ ——— જતી હતી.
( ક ) ગતિની, ( ખ ) ગતિએ, ( ગ ) ગતિને

[ ૮ ] રામે આ કાર્ય ખૂબ હોંશથી ——— કર્યું છે.
( ક ) હુંએ, ( ખ ) તેને, ( ગ ) જાતે

[ ૯ ] ચાંદબીબી અને તેના સૈનિકો લડાઈમાં બહાદુરીથી ——— .
( ક ) ઝઝૂમી, ( ખ ) ઝઝૂમ્યાં, ( ગ ) ઝઝૂમેલા

[ ૧૦ ] સંસ્કારી ——— જોઈને સાસુજી રાજી થયાં.
( ક ) વધુને, ( ખ ) વહૂને, ( ગ ) વધૂને

[ ૧૧ ] પેલી ——— હોડી કેવી સરસ દેખાય છે!
( ક ) દોડતી, ( ખ ) દોડેલી, ( ગ ) દોડતાં

[ ૧૨ ] તે ——— ઘોડા ઉપર સવાર થયો.
( ક ) દોડતા, ( ખ ) દોડેલો, ( ગ ) દોડતાં

[ ૧૩ ] આ વર્ષે દુષ્કાળ પડયો ——— વરસાદ પડયો નહોતો.
( ક ) કારણકે, ( ખ ) માટે, ( ગ ) તેથી

[ ૧૪ ] જગતમાં દરેક પ્રાણીનું ભલું ———.
( ક ) થવું, ( ખ ) થાઓ, ( ગ ) થાયે

[ ૧૫ ] હું અને ——— સાથે મળીને આ કામ કરીશું.
( ક ) મેં, ( ખ ) તું, ( ગ ) અમે

[ ૧૬ ] આપણું ઘર ——— ન રખાય.
( ક ) ગંદુ, ( ખ ) ગંદું, ( ગ ) ગંદકી

[ ૧૭ ] મેદાનમાં મહેશ, નીલા અને રમા ખૂબ ———.
( ક ) રમ્યા, ( ખ ) રમ્યાં, ( ગ ) રમેલા

[ ૧૮ ] મીરાંબાઈ શ્રીકૃષ્ણનાં પરમ ભક્ત ———.
( ક ) હતા, ( ખ ) હતાં, ( ગ ) હતી

[ ૧૯ ] ———, આખરે એ બાપડો રિબાઈ રિબાઈને મરી ગયો !
( ક ) શાબાશ, (ખ) અરેરે, ( ગ ) અધધ

[ ૨૦ ] તે શાળાએ આવ્યો નહિ ——— તે બિમાર હતો.
( ક ) તેથી, ( ખ ) એટલે કે, ( ગ ) કારણ કે

[ ૨૧ ] ભરવાડે સો ——— ઊન ઉતાર્યું.
( ક ) ઘેટાઓનું, ( ખ ) ઘેટાંઓનું, ( ગ ) ઘેટાનું

[ ૨૨ ] અરુણે મારા ——— સુંદર સાથિયા પૂર્યા.
( ક ) આંગણુંમાં, ( ખ ) આંગણામાં, ( ગ ) આંગણુંમા

[ ૨૩ ] હેમંતે બજારમાંથી ધાણી અને ચણા ———.
( ક ) ખરીદ્યાં, ( ખ ) ખરીદયા, ( ગ ) ખરીદી

[ ૨૪ ] બા યાત્રાએથી ક્યારે ——— ?
( ક ) પાછા આવ્યા, ( ખ ) પાછા આવ્યાં, ( ગ ) પાછાં આવ્યાં

[ ૨૫ ] રમેશને મળવા તેનો ભાઈ કે તેની બહેન ——— હશે.
( ક ) ગયો, ( ખ ) ગયાં, ( ગ ) ગઈ

[ ૨૬ ] તમે, અમે અને તેઓ ભેગા મળી આ કામ ———.
( ક ) કરશે, ( ખ ) કરીશું, ( ગ ) કરશો

[ ૨૭ ] થોડા દિવસમાં તો તેણે કામ પૂરું ———.
( ક ) કરશે, ( ખ ) કર્યું હશે, ( ગ ) કરતો હશે

[ ૨૮ ] હોડી સરતી હતી અને અમે નદીનું સૌંદર્ય ———.
( ક ) નીરખ્યું, ( ખ ) નીરખ્યું હતું, ( ગ ) નીરખતા હતા

[૨૯] જો જોઈતું ——— તો હું માગત.
(ક) હોય, (ખ) હશે, (ગ) હોત

[૩૦] તેણે ——— ગુનો કર્યો?
(ક) શું, (ખ) સું, (ગ) શો

[૩૧] શિકારીએ ——— પંખીને જખમી કર્યું.
(ક) ઘોળાં, (ખ) ઘોળા, (ગ) ઘોળું

[૩૨] તમે મારે ત્યાં આવ્યા, તે પહેલાં ———
(ક) હું ખાતો હતો, (ખ) મેં ખાધું હતું, (ગ) હું ખાઈ રહ્યો હતો.

(ખ) નીચે પ્રત્યેક પ્રશ્નમાં ચાર ચાર વાક્યો વિકલ્પ તરીકે આપ્યાં છે. તેમાંથી વાક્યરચનાની દૃષ્ટિએ સાચો વિકલ્પ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

(૩૩) (ક) ઉડાઉ દીકરાએ પોતાના ભાગમાં આવેલું ધન વેડફાઈ ગયું.
(ખ) ઉડાઉ દીકરાએ પોતાના ભાગમાં આવેલું ધન વેડફી નાખ્યું.
(ગ) ઉડાઉ દીકરાથી પોતાના ભાગમાં આવેલું ધન વેડફાઈ નાખ્યું.
(ઘ) ઉડાઉ દીકરાએ પોતાના ભાગમાં આવેલું ધન વેડફી ગયું.

(૩૪) (ક) મરણ ન હોત, તો સ્મરણ પણ ન હોય.
(ખ) મરણ ન હોય, તો સ્મરણ પણ ન હોત.
(ગ) મરણ ન હોય, તો સ્મરણ પણ ન થયું.
(ઘ) મરણ ન હોત, તો સ્મરણ પણ ન હોત.

(૩૫) (ક) જેમ જેમ અમે નજીક જતા ગયા તેમ તેમ મકાનો વધારે સ્પષ્ટ દેખાવા લાગ્યાં.
(ખ) જેમ જેમ અમે નજીક જતા ગયા ત્યારે મકાનો વધારે સ્પષ્ટ દેખાવા લાગ્યાં.
(ગ) જ્યારે અમે નજીક જતા ગયા તેમ તેમ મકાનો વધારે સ્પષ્ટ દેખાવા લાગ્યાં.
(ઘ) જ્યારે અમે નજીક ગયા, ત્યાં તો મકાનો વધારે સ્પષ્ટ દેખાવા લાગ્યાં.

(૩૬) (ક) અમારાથી ચોરની પાછળ લાંબે સુધી દોડયું નહિ.
(ખ) અમારાથી ચોરની પાછળ લાંબે સુધી દોડયા નહિ.
(ગ) અમારાથી ચોર પાછળ લાંબે સુધી દોડાયું નહિ.
(ઘ) અમે ચોરની પાછળ લાંબે સુધી દોડાયું નહિ.

(૩૭) ( ક ) અમે ગાતા હતા અને ખલાસીઓએ હલેસાં માર્યાં.

( ખ ) અમે ગાતા હતા અને ખલાસીઓ હલેસાં મારતા હતા.

( ગ ) અમે ગાયું અને ખલાસીઓ હલેસાં મારતા હતા.

( ઘ ) અમે ગાઈ રહ્યા અને ખલાસીઓ હલેસાં મારતા હતા.

( ગ ) નીચે આપેલી વાકયોની જોડમાંથી જે વાકય ખરું લાગતું હોય તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

(૩૮) ( ક ) હવાઉજાશવાળા બગીચા સાથેના બે ઓરડા ભાડે આપવા છે.

( ખ ) બગીચા સાથેના હવાઉજાશવાળા બે ઓરડા ભાડે આપવા છે.

(૩૯) ( ક ) અમારી શાળાનો સફેદ ખમીશ અને ભૂરી પાટલૂન ગણવેશ છે.

( ખ ) અમારી શાળાનો ગણવેશ સફેદ ખમીશ અને ભૂરી પાટલૂન છે.

(૪૦) ( ક ) નોટ અને ચોપડીઓ લાવતા મીના થાકી ગઈ.

( ખ ) નોટ અને ચોપડીઓ લાવતાં મીના થાકી ગઈ.

(૪૧) ( ક ) આપણુને આવડે તેવું આપણે લખીએ.

( ખ ) આપણે આવડે તેવું આપણે લખીએ.

(૪૨) ( ક ) કોણે આ રમકડું તોડયું ?

( ખ ) કોને આ રમકડું તોડયું ?

(૪૩) ( ક ) દરેક શિક્ષકોએ આ કામ કરવું જોઈએ.

( ખ ) દરેક શિક્ષકે આ કામ કરવું જોઈએ.

(૪૪) ( ક ) તેણે લોભ અને લાલચ છોડી દીધી.

( ખ ) તેણે લોભ અને લાલચ છોડી દીધાં.

(૪૫) ( ક ) હે ઈશ્વર, મારી ઉપર દયા કરો.

( ખ ) હે ઈશ્વર, મારા ઉપર દયા કરો.

(૪૬) ( ક ) તળાવ પર શિવની અસંખ્ય મૂર્તિઓ છે.

( ખ ) તળાવ પર અસંખ્ય શિવની મૂર્તિઓ છે.

(૪૭) ( ક ) તેણે શ્રમની અગત્યતા સમજાવતું ભાષણ કર્યું.

( ખ ) તેણે શ્રમની અગત્ય સમજાવતું ભાષણ કર્યું.

(૪૮) ( ક ) મહેશે પેન્સિલ કે કાગળ લીધો.

( ખ ) મહેશે પેન્સિલ કે કાગળ લીધી.

(૪૯) ( ક ) પ્રયોગમાં જરૂરી સાધનો અને તેનો ઉપયોગ લખો.

( ખ ) પ્રયોગમાં જરૂરી સાધનો અને તેમનો ઉપયોગ લખો.

(૫૦) ( ક ) સ્ત્રીની સાચી કસોટી કરવી એ અઘરી છે.

( ખ ) સ્ત્રીની સાચી કસોટી કરવી એ અઘરું છે.

(૫૧) ( ક ) તે ખાઈને બજાર ગયો.

( ખ ) તે ખાયને બજાર ગયો.

(૫૨) ( ક ) આ વાર્તા શું બોધ આપે છે ?

( ખ ) આ વાર્તા શો બોધ આપે છે ?

## (आ) વિચારોની સુગ્રથિત રજૂઆત

નીચેનાં ૧૧ વાક્યો આપ્યાં છે. વાક્યોને વિચારોની સુગ્રથિત રજૂઆતની દૃષ્ટિએ ૧ થી ૧૧ એમ યોગ્ય ક્રમાંક આપી સાથે આપેલા ઉત્તરપત્રમાંના ચોકઠામાં તે ક્રમાંક લખો :

( ૧ )

(૫૩) કોણ જાણતું હતું કે પ્રજાજનોએ આપેલી એ વિદાય અંતિમ હતી ?

(૫૪) એમની કપરી કામગીરીની લોકોએ સફળતા ઇચ્છી.

(૫૫) લાલબહાદુર શાસ્ત્રી ૧૯૬૬ ની ત્રીજી જાન્યુઆરીએ તાશકંદ જવા દિલ્હીના પાલમ વિમાની મથકે આવ્યા.

(૫૬) ભારતના ઉચ્ચ નેતાઓ અને પ્રજાજનોએ એમને વિદાય આપી, પણ

(૫૭) અને નેવું વર્ષનાં માતા રામદુલારી દેવીને પગે લાગ્યા.

(૫૮) લોકો પોતાના પ્રિય નેતાને ભાવભરી વિદાય આપવા એકઠા થયા હતા.

(૫૯) એમનું વિમાન બરાબર પોણાદસે દિલ્હી છોડીને ઊપડ્યું.

(૬૦) વૃદ્ધ માતાએ આશીર્વાદ આપ્યા અને હસતા હસતા તેઓ વિમાનમાં બેઠા.

(૬૧) જાતે મોટરનો દરવાજો ખોલ્યો.

(૬૨) રસ્તામાં રાતી મોટરમાં બેઠેલી પોતાની માતા પાસે ગયા.

(૬૩) શાસ્ત્રીજી એ બધાને મળીને આગળ વધ્યા અને

( ૨ )

(૬૪) તેઓ એકદમ ઊઠયા અને સભામાં જઈ બેઠા.

(૬૫) આ જલસામાં આવવાનું મહારાજાએ સ્વામીજીને પણ આમંત્રણ મોકલ્યું.

(૬૬) ગાયિકાને સ્વામીજીના આ જવાબથી ખૂબ દુઃખ થયું.

(૬૭) સ્વામી વિવેકાનંદને ખેતડીના મહારાજા જયપુર સુધી વળાવવા ગયા ત્યાં એક યાદગાર પ્રસંગ બન્યો હતો.

(૬૮) સ્વામીજીને જવાબ આપતી હોય એમ એણે ભક્ત સુરદાસનું 'પ્રભુ મોરે અવગુણ ચિત્ત ન ધરો' એ પ્રખ્યાત ભજન શરૂ કર્યું.

(૬૯) જયપુરમાં મહારાજા અને તેમની મંડળી માટે એક ગાયિકાનો જલસો ગોઠવવામાં આવેલો.

(૭૦) એક જમાનો એવો હતો કે રસ્તામાં થિયેટર આવતું હોય તો સ્વામીજી રસ્તો છોડી જતા.

(૭૧) એથી જ તેઓ સભામાં ભજન સાંભળવા બેઠા.

(૭૨) ત્યારે સ્વામીજીએ કહેવડાવ્યું કે સંન્યાસી આવા જલસામાં હાજરી ન આપી શકે.

(૭૩) આ ભજને પાસેના તંબુમાં બેઠેલા સ્વામીજીનું હૈયું પીગળાવી દીધું.

(૭૪) પણ હવે તેઓ સમદષ્ટિ સંન્યાસી હતા.

( ૩ )

(૭૫) બીજે દિવસે ખબર પડી કે એ રકાબી તો જવાહરલાલે મૂકી હતી.

(૭૬) ૧૯૩૪ની વાત છે.

(૭૭) ત્યાં એક વખત સાંજે શાસ્ત્રીજી ભોજન કર્યા વિના જ બહાર નીકળી ગયા.

(૭૮) આથી જવાહરલાલે એક ફળ ભરેલી રકાબી શાસ્ત્રીની પથારી પાસે મૂકી દીધી.

(૭૯) જવાહરલાલ અને લાલબહાદુર શાસ્ત્રી વર્ધામાં ગાંધીજીને મળવા ગયા હતા.

(૮૦) બહાર નીકળી ગયાને ઘણો સમય વીતી ગયો એથી

(૮૧) ત્યારે શાસ્ત્રીજીને જવાહરલાલના આવા પ્રેમથી ખૂબ આનંદ થયો.

(૮૨) શાસ્ત્રીજી રાત્રે મોડા કામ પતાવી પાછા ફર્યા ત્યારે

(૮૩) જવાહરલાલે તપાસ કરી તો ખબર પડી કે શાસ્ત્રીજી ખાધા વિના જ ગયા છે.

(૮૪) પોતાની પથારી પાસે ફળ ભરેલી રકાબી જોઈ આશ્ચર્ય થયું.

(૮૫) તેથી જવાહરલાલને થયું કે રાત્રે પાછા આવશે ત્યારે ભૂખ્યા જ સૂઈ રહેવું પડશે.

( ૪ )

(૮૬) માસ્તરે મને પોતાના બૂટની અણી મારી ચેતવ્યો; પણ હું શાનો ચેતું ?

(૮૭) આમ છતાં માસ્તર તરફ હું મારો વિનય કદી ન ચૂકયો.

(૮૮) મને એમ સમજ ન પડી કે માસ્તર મને સામેના છોકરાની પાટીમાં જોઈ લઈ જોડણી સુધારવાનું કહે છે.

(૮૯) હાઈસ્કૂલના પહેલા જ વર્ષમાં કેળવણી ખાતાના ઈન્સ્પેકટર નિશાળ તપાસવા આવ્યા હતા.

(૯૦) તેમાંના એક શબ્દની જોડણી મેં ખોટી લખી.

(૯૧) માસ્તર તો અમે એકબીજામાંથી ચોરી ન કરીએ એ જોતા હતા એવું મેં માનેલું.

(૯૨) મારી 'મૂર્ખાઈ' મને માસ્તરે પાછળથી સમજાવી.

(૯૩) તેમણે પહેલા ધોરણના છોકરાઓને પાંચ શબ્દ લખાવ્યા.

(૯૪) અને મને બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં કદી ન આવડયું.

(૯૫) પણ મારા મન પર એ મૂર્ખાઈની સમજૂતીની કશી અસર ન થઈ.

( ૫ )

(૯૬) પાલખી જ્યારે રામશાસ્ત્રીના ઘર પાસે આવી

(૯૭) માધવરાવ પેશ્વાના જમાનાની આ વાત છે.

(૯૮) રાણીઓએ તેમને હીરા–મોતીના દાગીના ભેટ આપ્યા.

(૯૯) તેમના ન્યાયમંત્રીનું નામ હતું રામશાસ્ત્રી.

(૧૦૦) ત્યારે રામશાસ્ત્રી પ્રભુની સેવામાં બેઠા હતા.

(૧૦૧) એક દિવસ બેસતા વર્ષના દિવસે તેમનાં પત્ની રાજમહેલે ગયા.

(૧૦૨) પછી રાણીઓએ તેમને સન્માનપૂર્વક પાલખીમાં વિદાય કર્યાં.

(૧૦૩) સેવાની ઓરડીમાંથી બહાર આવીને બારણાની તડમાંથી જોયું તો પોતાનાં પત્ની રાજ્યની બેસતાવર્ષની બોણી સ્વીકારીને આવ્યાં છે.

(૧૦૪) રામશાસ્ત્રીના પત્ની પણ સમજુ હતા. તેમણે પાલખી ફરી રાજમહેલ તરફ લેવડાવા.

(૧૦૫) તેમણે અંદર રહીને જવાબ આપ્યો, 'આજે તમારે માટે આ ઘરનું દ્વાર બંધ છે.'

(૧૦૬) રામશાસ્ત્રી કંઈ લાલચુ બ્રાહ્મણ ન હતા. તેથી

# TRY - OUT

## કૉલેજમાં પ્રવેશ ઈચ્છનાર વિદ્યાર્થીઓ માટે

## ગુ જ રા તી

# ભાષાશક્તિ કસોટી

[ ખંડ : ૩ ]

▣

: પ્રયોજક :

પ્રા. કુલીનભાઈ પંડયા ( એમ. એ., યુ. એસ. એ., એમ.એડ્.)

▣

[ નીચે આપેલી સૂચનાઓ વાંચ્યા પછી તમને કહેવામાં આવે ત્યારે ઉત્તરો આપવાનું શરૂ કરો. ]

: સૂચના :

▣ આ તમારા સાહિત્યના જ્ઞાનની નહિ, પણ ભાષાકીય શક્તિની કસોટી છે.

▣ આ કસોટી તમારી પરીક્ષા લેવા માટે નથી, પરંતુ શૈક્ષણિક સંશોધન માટે છે. તેથી કસોટીમાં તમારું પરિણામ કેવું આવશે તે વિષે ચિંતા રાખ્યા વગર કસોટીમાંના પ્રશ્નોના ઉત્તર આપશો.

▣ તમારા ગુણાંક સંપૂર્ણપણે ખાનગી રાખવામાં આવશે અને તેનો ઉપયોગ ફક્ત સંશોધન માટે જ થશે.

▣ તમે સારામાં સારો દેખાવ કરી શકો એવી ધગશ રાખી કસોટીમાંના પ્રશ્નોના ઉત્તર આપશો.

▣ આ કસોટીપુસ્તિકામાં તમારે કશું જ લખવાનું નથી કે કશી નિશાની કરવાની નથી. આ સાથે તમને આપેલા ઉત્તરપત્રમાં જ તમારે યોગ્ય ચોકઠામાં × ની નિશાની કરવાની છે અથવા તો યોગ્ય ક્રમ લખવાનો છે. પ્રશ્નની ઉપર જે પ્રમાણે કરવાની સૂચના આપી હોય, તે પ્રમાણે કરશો.

▣ આ ભાષાશક્તિ કસોટી ચાર ખંડોમાં વહેંચાયેલી છે. દરેક ખંડના પ્રશ્નોના ઉત્તર આપી રહો એટલે તે માટે જેટલો સમય લાગ્યો હોય તેની નોંધ આપેલા ઉત્તરપત્રની ઉપરની બાજુએ ડાબા ખૂણા પર આપેલા ચોકઠામાં કરશો.

▣ સંશોધકને તેના કામમાં હાર્દિક સહકાર આપશો એવી આશા છે.

▣

## ખંડ ૩ : અભિવ્યક્તિનું લેખિત સ્વરૂપ

### (अ) જોડણી

( ક ) નીચે આપેલી જોડણીમાંથી જે જોડણી સાચી હોય તે પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

( પ્રત્યેક પ્રશ્નમાં એક જ જોડણી સાચી છે. )

| | ( ક ) | ( ખ ) | ( ગ ) | ( ઘ ) |
|---|---|---|---|---|
| ૧ | અગત્સ્ય | અગસ્ત્ય | અગસત્ય | અગતસ્ય |
| ૨ | અતીથી | અતિથી | અતિથિ | અતીથિ |
| ૩ | અનીશ્ચિત | અનિશ્ચિત | અનિશ્ચીત | અનીશ્ચીત |
| ૪ | અનુક્રમણિકા | અનુક્રમમણિકા | અનૂક્રમણિકા | અનુક્રમણીકા |
| ૫ | અનુકુળ | અનૂકુળ | અનુકૂળ | અનુકૂલ |
| ૬ | અભુતપુર્વ | અભુતપૂર્વ | અભૂતપુર્વ | અભૂતપૂર્વ |
| ૭ | આકર્ષણ | આકર્શણ | આકર્સણ | આર્કષણ |
| ૮ | આજિવિકા | આજીવીકા | આજીવિકા | આજિવીકા |
| ૯ | આબરુ | આબરૂ | આબ્રૂ | આબ્રુ |
| ૧૦ | આર્શિવાદ | આશિર્વાદ | આશીર્વાદ | આર્શીવાદ |
| ૧૧ | ઈછિછત | ઇચ્છિત | ઇચ્છીત | ઈચ્છિત્ |
| ૧૨ | ઈતિયાદી | ઇત્યાદિ | ઈત્યાદી | ઈત્યાદિ |
| ૧૩ | ઈરષા | ઈર્ષા | ઈર્શા | ઈર્ષ્યા |
| ૧૪ | ઉજવળ | ઉજ્જવળ | ઉજવલ | ઊજવળ |
| ૧૫ | ઉધઘાટન | ઉદ્ઘાટન | ઉદ્‌ઘાટન | ઊદઘાટન |
| ૧૬ | ઉધ્ધાર | ઊદ્ધાર | ઉદ્‌ધાર | ઉદ્ધાર |
| ૧૭ | ઊથલપાથલ | ઊથલપાઠલ | ઉથલપાથલ | ઊઠલપાથલ |
| ૧૮ | એન્જીન | અંન્જીન | એંજીન | એંજિન |
| ૧૯ | ઐતીહાસિક | ઐતિહાસિક | ઐતિહાસીક | ઐતીહાસીક |
| ૨૦ | ઓશિયાળું | ઓશીયારું | ઓસિયાળું | ઓશીયાળું |
| ૨૧ | ઔપચારીક | ઉપચારીક | ઓપચારિક | ઔપચારિક |
| ૨૨ | અંધાધુંધી | અંધાધૂંધિ | અંધાઢૂંધી | અંધાધૂંધી |
| ૨૩ | ઋષી | રૂશિ | રૂષિ | ઋષિ |
| ૨૪ | કારકિર્દિ | કારકીર્દી | કારકીર્દિ | કારકિર્દી |
| ૨૫ | કૂતુહલ | કુતૂહલ | કુતુહળ | કૌતુહલ |

| | (ક) | (ખ) | (ગ) | (ઘ) |
|---|---|---|---|---|
| ૨૬ | કુંજો | કૂંજો | કૂજો | કુજો |
| ૨૭ | કોશિષ | કોશીષ | કોશિશ | કોસેશ |
| ૨૮ | કુત્રિમ | કુત્રિમ | કૃત્રિમ | કૂત્રિમ |
| ૨૯ | ખ્રિસ્તી | ખ્રીસ્તી | ખ્રિશ્તી | ખ્રિસ્તિ |
| ૩૦ | ગિરદી | ગિર્દી | ગીરદી | ગીર્દી |
| ૩૧ | ઘડિયાળ | ઘડીયાળ | ઘડયાળ | ઘડિઆળ |
| ૩૨ | ઘૂંટણુ | ઘૂટણુ | ઘુંટણુ | ઘુંટન |
| ૩૩ | ચારીત્ર | ચારીત્ર્ય | ચારિત્ર્ય | ચારિત્રય |
| ૩૪ | ચિહ્ન | ચીહ્ન | ચિન્હ | ચિહ્ન |
| ૩૫ | ચિરંજીવી | ચિરંજિવી | ચિરંજિવિ | ચીરંજીવી |
| ૩૬ | ચિથરું | ચિંથરૂં | ચીથરું | ચીંથરૂ |
| ૩૭ | ચિઢાવું | ચિડાવું | ચીઢાવું | ચીડાવું |
| ૩૮ | ચુંદડી | ચૂંદડી | ચુંડદી | ચૂંડદી |
| ૩૯ | છૂટું | છુટ્ટું | છૂટું | છૂટું |
| ૪૦ | જ્યોત્સ્ના | જ્યોતસના | જ્યોત્સના | જ્યોસ્ના |
| ૪૧ | જિગનાસા | જીજ્ઞાસા | જીજ્ઞાષા | જિજ્ઞાસા |
| ૪૨ | જુદું | જૂદું | જૂદું | જુદું |
| ૪૩ | જુઓ | જુવો | જૂઓ | જૂવો |
| ૪૪ | ઝૂંપડી | ઝુંપડી | ઝોંપડી | ઝુંપદી |
| ૪૫ | ટીકીટ | ટિકેટ | ટિકિટ | ટીકિટ |
| ૪૬ | ટૂંકૂં | ટૂંકુ | ટુંકું | ટુંકકું |
| ૪૭ | ઠળિયો | ઠળીયો | ઠળિઓ | ઠળીઓ |
| ૪૮ | ડુંડાં | ડુદાં | ડૂડાં | ડૂંડાં |
| ૪૯ | ઢોલાવ | ધોળાવ | ઢોળાવ | ધોલાઓ |
| ૫૦ | તપશ્ચર્યા | તપસ્ચર્યા | તપષ્ચર્યા | તપશ્ચર્યા |
| ૫૧ | તીમીર | તિમીર | તિમિર | ત્રીમિર |
| ૫૨ | તૂરુ | તુરૂં | તુરુ | તૂરું |
| ૫૩ | તૃપ્તિ | ત્રુપ્તિ | તુપ્તિ | તૃપ્તી |
| ૫૪ | ત્રિવીધ | ત્રીવિધ | ત્રિવિધ | ત્રીવીધ |
| ૫૫ | થુંકવું | થૂંકવુ | થુંકવુ | થૂકવું |

| | ( ક ) | ( ખ ) | ( ગ ) | ( ઘ ) |
|---|---|---|---|---|
| ૫૬ | હરીચો | હરિચો | હરીઓ | હરિઓ |
| ૫૭ | દિવાળી | દીવાળી | દિવાલી | દીવાલી |
| ૫૮ | દષ્ટી | દ્રષ્ટિ | દષ્ટિ | દષ્ટી |
| ૫૯ | ધંધાકિય | ધંધાકીય | ધન્ધાકીય | ધન્ધાકય |
| ૬૦ | નારીચેળ | નારિયેળ | નારીએલ | નરીએલ |
| ૬૧ | નિર્જિવ | નીર્જીવ | નિરજીવ | નિર્જીવ |
| ૬૨ | નીતિ | નિતિ | નિતી | નીતી |
| ૬૩ | નિન્દ્રા | નિંદ્રા | નીંદ્રા | નિદ્રા |
| ૬૪ | નીમણૂંક | નિમણુક | નિમણૂંક | નીમણુંક |
| ૬૫ | નિરીક્ષણ | નીરીક્ષણ | નીરિક્ષણ | નિરિક્ષણ |
| ૬૬ | નૈર્ઋત્ય | નૈરૂત્ય | નૈઋત્ય | નેરૂત્ય |
| ૬૭ | નૃત્ય | નૃતિય | ન્રુત્ય | નરુત્ય |
| ૬૮ | પંતિવૃતા | પતિવ્રતા | પતીવૃતા | પતિવ્રટા |
| ૬૯ | પરીણીત | પર્ણિત | પરિણીત | પરણીત |
| ૭૦ | પશ્ચાતાપ | પશ્ચ્યાતાપ | પશ્યાતાપ | પશ્ચાત્તાપ |
| ૭૧ | પુજા | પૂંજા | પૂજા | પુંજા |
| ૭૨ | પંક્તી | પંક્તિ | પંગતી | પંકતિ |
| ૭૩ | પ્રતીનીધી | પ્રતિનિધિ | પ્રતિનીધિ | પ્રતીનિધિ |
| ૭૪ | પ્રતિષ્ઠા | પ્રતિષ્ટા | પ્રતીષ્ઠા | પ્રતીસ્થા |
| ૭૫ | પ્રવૃત્તી | પ્રવૃત્તિ | પ્રવ્રતી | પ્રવૃતી |
| ૭૬ | પ્રસંશા | પ્રશંશા | પ્રશંસા | પ્રશંષા |
| ૭૭ | પ્રસિદ્ધિ | પ્રસીદ્ધિ | પ્રસિદ્ધી | પ્રશીદ્ધી |
| ૭૮ | ફરજયાત | ફરજિયાત | ફર્જિયાત | ફરજીઆત |
| ૭૯ | ફરીયાદ | ફરિઆદ | ફરયાદ | ફરિયાદ |
| ૮૦ | ફળિભૂત | ફળીભૂત | ફળીભુત | ફળિભુત |
| ૮૧ | બક્ષિસ | બક્ષીસ | બક્ષીશ | બક્ષેષ |
| ૮૨ | બીભત્સ | બીભસ્ત | બિભત્સ | બિભસ્ત |
| ૮૩ | બુદ્ધિ | બૂદ્ધિ | બુદ્ધી | બુદ્ધિ |
| ૮૪ | બુરું | બૂરું | બૂરૂં | બુરૂ |
| ૮૫ | બ્રાહ્મણ | બ્રામણ | બરામણ | બાહ્મણ |

| | (ક) | (ખ) | (ગ) | (ઘ) |
|---|---|---|---|---|
| ૮૬ | ભયભિત | ભૈભિત | ભયભીત | ભઈભીત |
| ૮૭ | ભિકશા | ભીક્ષા | ભિગ્શા | ભિક્ષા |
| ૮૮ | ભુંગળું | ભૂંગળું | ભૂંગળૂં | ભુગળું |
| ૮૯ | ભૌગોલિક | ભઉગોળિક | ભૌગોલીક | ભૂગોળીક |
| ૯૦ | ભ્રશ્ટ | ભ્રષ્ટ | ભ્રષ્ત | ભૃષ્ટ |
| ૯૧ | મનુશ્ય | મનુસ્ય | મનુષ્ય | મનૂષ્ય |
| ૯૨ | માત્રુપ્રેમ | માતૃપ્રેમ | માર્તૃપ્રેમ | માતુપ્રેમ |
| ૯૩ | માહિતી | માહીતી | માહીતિ | માહિતિ |
| ૯૪ | મુહુર્ત | મુહૂર્ત | મૂહુર્ત | મૂહૂર્ત |
| ૯૫ | મૈત્રી | મૈત્રિ | મઈત્રી | મયત્રી |
| ૯૬ | મુર્તિ | મૂર્તિ | મુર્તી | મૂર્તી |
| ૯૭ | મૌન | મોન | મૌણ | મઉન |
| ૯૮ | મ્યુનિસીપાલિટી | મ્યુનિસિપાલિટી | મુન્સીપાલટી | મ્યુનીસિપાલીટી |
| ૯૯ | મૃદુ | મુદુ | મૃદુ | મ્રદુ |
| ૧૦૦ | યાદદાશ્ત | યાદદાસ | યાદદાસ્ત | યાદ્દાશ |
| ૧૦૧ | યુધિસ્થિર | યુધીષ્ઠિર | યુધિષ્ઠિર | યુધીસ્થિર |
| ૧૦૧ | યુનિવર્સિટી | યુનીવર્સિટી | યુનિવર્સીટી | યૂનિવર્સીટી |
| ૧૦૩ | રવિંદ્ર | રવીન્દ્ર | રવિન્દ્ર | રવીન્દર |
| ૧૦૪ | રીતરીવાજ | રિતરીવાજ | રીતરિવાજ | રિતરિવાજ |
| ૧૦૫ | રીસાળ | રિસાળ | રીશાળ | રિસાલ |
| ૧૦૬ | રુમાલ | રૂમાળ | રૂમાલ | રુમાળ |
| ૧૦૭ | રેડિયો | રેદિયો | રેડિઓ | રેડીઓ |
| ૧૦૮ | રેંટિયો | રેંટયો | રેંટીયો | રેંટીઓ |
| ૧૦૯ | રૌદ્ર | રૌદ્ર | રઉદ્ર | રાદ્ર |
| ૧૧૦ | લઘુગ્રંથી | લઘુગંથી | લઘુગ્રંથિ | લઘુગ્રંઠી |
| ૧૧૧ | લહાવો | લ્હાવો | લ્હાઓ | લહાઓ |
| ૧૧૨ | લહ્યો | લહીઓ | લહીયો | લહિયો |
| ૧૧૩ | લવણ્ય | લાવણ્ય | લાવણિય | લાવણીય |
| ૧૧૪ | લીસી | લિસી | લિસ્સી | લીસ્સી |
| ૧૧૫ | લુચાઈ | લુચ્ચાઈ | લૂચ્ચાઈ | લુચ્ચાય |

| | ( ક ) | ( ખ ) | ( ગ ) | ( ઘ ) |
|---|---|---|---|---|
| ૧૧૬ | લોહ્યાળ | લોહિયાલ | લોયાળ | લોહીયાળ |
| ૧૧૭ | લંકાપતિ | લંકાપટી | લંકાપતી | લંકાપટિ |
| ૧૧૮ | વરતણૂંક | વર્તણુંક | વતર્ણુંક | વર્તણૂક |
| ૧૧૯ | વ્યવહારિક | વ્યાવહારીક | વ્યાવહારિક | વ્યાવ્હારિક |
| ૧૨૦ | વાંચન | વાનચન | વાન્ચન | વાચન |
| ૧૨૧ | વાત્સલ્ય | વાસ્તલ્ય | વાતસલ્ય | વાતસ્લ્ય |
| ૧૨૨ | વિધ્વાન | વિદ્વાન | વિધ્વાન | વિદ્વાન |
| ૧૨૩ | વિધી | વિધિ | વીધિ | વીધી |
| ૧૨૪ | વિદ્યાર્થિણી | વિદ્યાર્થીની | વીદ્યાર્થીની | વિદ્યાર્થિની |
| ૧૨૫ | વિપરીત | વિપરિત | વીપરીત | વીપરિત |
| ૧૨૬ | વૈજ્ઞાનીક | વૈજ્ઞાનિક | વિજ્ઞાનિક | વિજ્ઞાનીક |
| ૧૨૭ | વ્રક્ષ | વ્રુક્ષ | વૃક્ષ | વ્રૂક્ષ |
| ૧૨૮ | વૃદ્ધા | વ્રદ્ધા | વૃધ્ધા | વ્રુધ્ધા |
| ૧૨૯ | શર્મીંદા | શરમીંદા | શરમિંદા | શરમીન્ડા |
| ૧૩૦ | શામૃગ | શાહમુગ | શામૃઘ | શાહમૃગ |
| ૧૩૧ | શારીરીક | શારીરિક | શારિરીક | શારિરિક |
| ૧૩૨ | શિક્ષિકા | શીક્ષિકા | શિક્ષીકા | સીક્ષિકા |
| ૧૩૩ | શીર્શક | શિર્સક | શીર્ષક | શિર્ષક |
| ૧૩૪ | શુકનયાળ | શુકનિયાળ | શુકનીઆળ | શુકન્યાળ |
| ૧૩૫ | શંકાશીલ | શંકાશિલ | શંકાશીળ | સંકાશીલ |
| ૧૩૬ | શુંગાર | શૃંગાર | શ્રુંગાર | શ્રિંગાર |
| ૧૩૭ | સન્માન | સનમાન | સંમાન | સમ્માન |
| ૧૩૮ | સહાનુભુતિ | સહાનૂભુતિ | સહાનુભૂતિ | સહાનૂભૂતિ |
| ૧૩૯ | સામયિક | સામઈક | સામયીક | સામ્યીક |
| ૧૪૦ | સામજીક | સમાજીક | સામાજીક | સામાજિક |
| ૧૪૧ | સિલ્લક | સીલ્લક | સિલક | સીલક |
| ૧૪૨ | સંસ્કુતી | સંસ્કુતિ | શંસ્કૃતિ | સંસ્કૃતિ |
| ૧૪૩ | સૃષ્ટિ | સુષ્ટિ | શૃષ્ટી | સ્રષ્ટી |
| ૧૪૪ | હરીણી | હરિણી | હરણી | હર્ણી |
| ૧૪૫ | હ્રૃદય | હ્રુદય | ઋદય | રૂદય |

| | (ક) | (ખ) | (ગ) | (ઘ) |
|---|---|---|---|---|
| ૧૪૬ | હાયસ્કૂલ | હાઈસ્કુલ | ઇસ્કૅાલ | હાઈસ્કૂલ |
| ૧૪૭ | હાર્દિક | હાર્દીક | હારદિક | હારદીક |
| ૧૪૮ | હીરણ્ય | હિરણ્ય | હીરણિય | હિરણીય |
| ૧૪૯ | હુમલો | હુમળો | હૂમળો | હૂમલો |
| ૧૫૦ | હોંશ્યાર | હોંશીઆર | હુશ્યાર | હોશિયાર |

(ખ) નીચેના શબ્દોમાં અર્થયુક્ત શબ્દ બને એ રીતે ખાલી જગ્યા પૂરવા "ળ" કે "ર" માંથી યોગ્ય અક્ષર પસંદ કરો અને આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

ઉ. કેળવણી

| | | |
|---|---|---|
| (૧૫૧) નિ —— ધાર | (ક) ળ | (ખ) ર |
| (૧૫૨) બા —— કશ | (ક) ળ | (ખ) ર |
| (૧૫૩) મ —— ણુ | (ક) ળ | (ખ) ર |
| (૧૫૪) નિર્બ —— | (ક) ળ | (ખ) ર |
| (૧૫૫) ગ —— મ | (ક) ળ | (ખ) ર |
| (૧૫૬) બા —— મંદિ —— | (ક) ળ | (ખ) ર |
| (૧૫૭) સગી —— | (ક) ળ | (ખ) ર |
| (૧૫૮) વેવિશા —— | (ક) ળ | (ખ) ર |
| (૧૫૯) વાચા —— | (ક) ળ | (ખ) ર |
| (૧૬૦) ન —— (માણુસ) | (ક) ળ | (ખ) ર |

(ગ) નીચેના શબ્દોમાં અર્થપૂર્ણ શબ્દ બને એ રીતે ખાલી જગ્યા પૂરવા "ત" કે "ટ" માંથી યોગ્ય અક્ષર પસંદ કરો અને આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

ઉ. તોફાન

| | | |
|---|---|---|
| (૧૬૧) —— રબૂચ | (ક) ત | (ખ) ટ |
| (૧૬૨) —— ળાવ | (ક) ત | (ખ) ટ |
| (૧૬૩) —— કા | (ક) ત | (ખ) ટ |
| (૧૬૪) —— ટ્ટી | (ક) ત | (ખ) ટ |
| (૧૬૫) ગ —— ર | (ક) ત | (ખ) ટ |
| (૧૬૬) મહેન —— | (ક) ત | (ખ) ટ |
| (૧૬૭) રા —— | (ક) ત | (ખ) ટ |
| (૧૬૮) હિંમ —— | (ક) ત | (ખ) ટ |
| (૧૬૯) ઘૂં —— ણું | (ક) ત | (ખ) ટ |
| (૧૭૦) પક્ષપા —— | (ક) ત | (ખ) ટ |

## વિભાગ : આ વિરામચિહ્નો

નીચે આપેલાં વાક્યોમાં જ્યાં વિરામચિહ્ન જોઈએ ત્યાં ત્રણ ત્રણ ચોકઠાં વિરામચિહ્ન સહિત આપ્યાં છે. એમાંથી યોગ્ય વિરામચિહ્ન પસંદ કરી સાથેના ઉત્તરપત્રમાં તેનાં ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

(૧૭૧) (૧૭૨)
(ક) [ : ] (ક) [ ; ]
(ક) નીલ નદીને બે શાખા છે (ખ) [ ? ] શ્વેત અને નીલ (ખ) [ . ]
(ગ) [ ,, ] (ગ) [ : ]

(૧૭૩)
(ક) [ . ]
જિંજા પાસે જેનો ઉગમ થાય છે તે શ્વેત શાખા (ખ) [ ? ] ઇથિયોપિયા દેશમાં તાના
(ગ) [ ! ]

(૧૭૪) (૧૭૫)
(ક) [ . ] (ક) [ . ]
કરીને સરોવર છે (ખ) [ , ] તે સરોવરમાંથી નીલ શાખાનો ઉગમ થાય છે (ખ) [ ,, ]
(ગ) [ ; ] (ગ) [ ? ]

(૧૭૬) (૧૭૭) (૧૭૮)
(ક) [ ? ] (ક) [ . ] (ક) [ ? ]
(૨) સિદ્ધરાજ કહે (ખ) [ , ] (ખ) [ ,, ] આમ અભિમાન કર્યે કંઈ ચાલે (ખ) [ , ]
(ગ) [ . ] (ગ) [ " ] (ગ) [ . ]

(૧૭૯) (૧૮૦)
(ક) [ . ] (ક) [ ,, ]
ભાગ્યનું કારમું ચક્ર નિરંતર ફર્યા કરે છે (ખ) [ ? ] (ખ) [ ! ]
(ગ) [ ,, ] (ગ) [ " ]

## વિભાગ જિ : પરિચ્છેદ

નીચે કેટલાંક વાક્યોનો સમૂહ આપ્યો છે. તેમાં એક જ સ્થળે નવો પરિચ્છેદ (પેરેગ્રાફ) પાડવો જરૂરી છે. જ્યાં આગળ તમને નવો પેરેગ્રાફ પાડવો યોગ્ય લાગે તે નક્કી કરો અને તે વાક્યની આગળના ક્રમવાળા ઉત્તરપત્રમાંના ચોકઠામાં × ની નિશાની કરો :

૧. બુકર ટી. વૉશિંગ્ટન રખડતો, કુટાતો, કદી ભૂખ્યો તો કદી ટાઢે ઠુંઠવાતો, ચીંથરેહાલ દશામાં હેમ્પટન પહોંચ્યો. (ક) શાળા પૂછતો પૂછતો તે તેના મકાને પહોંચ્યો. (ખ) તેણે જન્મારામાં નહિ જોયેલું એવડું મોટું મકાન જોઈ તેને થયું, 'આ શાળામાં ભણવાનું મળે તો કેવી મજા પડે!' (ગ) શાળામાં દાખલ થવાને માટે તે આચાર્ય પાસે ગયો, આચાર્યે તેની

ચીંથરેહાલ મૂર્તિ જોઇને પૂછ્યું, "કેમ આવ્યો છે?' (ઘ) તે કહે, 'મારે ભણવું છે. શિક્ષિકા બુકરના દીદાર જોઈને કહેવા લાગી, 'તને અહીં નહિ દાખલ કરવામાં આવે. કયાંથી આવો આવ્યો છે?' બિચારો બુકર વિમાસણમાં પડી ગયો.

૨. અમેરિકામાં આલ્બર્ટ આઈન્સ્ટાઈન નામના જાણીતા વિજ્ઞાનશાસ્ત્રી થઈ ગયા. (ક) તે ખુબ સાદાઈથી રહેતા હતા. પૈસા તરફ એમને રુચિ નહોતી. (ખ) એમની પાસે પૈસા આવે તો પૈસાની જેમને જરૂર હોય એમને તે આપી દેતા. (ગ) એકવાર તેમના એક મિત્રે તેમને કહ્યું, 'અરે ભલા માણસ, તમે પૈસા શા માટે વેડફી દો છો? પાસે પૈસા હોય તો કોઈ વાર ભીડમાં ખૂબ કામ લાગે. વળી પૈસા હોય તો પ્રતિષ્ઠા પણ મળે.' (ઘ) આ સાંભળીને આઈન્સ્ટાઈન હસતાં હસતાં કહે, 'ધનને લીધે માનવજાત આગળ વધતી નથી, એની મને પૂરેપૂરી ખાતરી છે. મૂસા, ઈસુ કે ગાંધી જેવા મહાપુરુષો પાસે અબજોપતિ કાર્નેગીના જેવા ધનના કોથળા હોય એવું તમે કલ્પી શકો છો ખરા?'

TRY - OUT

## કૉલેજમાં પ્રવેશ ઈચ્છનાર વિદ્યાર્થીઓ માટે

## ગૂ જ રા તી

# ભાષાશક્તિ કસોટી

[ ખંડ : ૪ ]

▣

: પ્રયોજક :

પ્રા. કુલીનભાઈ પંડ્યા ( એમ. એ., યુ. એસ. એ., એમ.એડ્.)

▣

[ નીચે આપેલી સૂચનાઓ વાંચ્યા પછી તમને કહેવામાં આવે ત્યારે ઉત્તરો આપવાનું શરૂ કરો. ]

: સૂચના :

▣ આ તમારા સાહિત્યના જ્ઞાનની નહિ, પણ ભાષાકીય શક્તિની કસોટી છે.

▣ આ કસોટી તમારી પરીક્ષા લેવા માટે નથી, પરંતુ શૈક્ષણિક સંશોધન માટે છે. તેથી કસોટીમાં તમારું પરિણામ કેવું આવશે તે વિષે ચિંતા રાખ્યા વગર કસોટીમાંના પ્રશ્નોના ઉત્તર આપશો.

▣ તમારા ગુણાંક સંપૂર્ણપણે ખાનગી રાખવામાં આવશે અને તેનો ઉપયોગ ફક્ત સંશોધન માટે જ થશે.

▣ તમે સારામાં સારો દેખાવ કરી શકો એવી ધગશ રાખી કસોટીમાંના પ્રશ્નોના ઉત્તર આપશો.

▣ આ કસોટીપુસ્તિકામાં તમારે કશું જ લખવાનું નથી કે કશી નિશાની કરવાની નથી. આ સાથે તમને આપેલા ઉત્તરપત્રમાં જ તમારે યોગ્ય ચોકઠામાં × ની નિશાની કરવાની છે અથવા તો યોગ્ય ક્રમ લખવાનો છે. પ્રશ્નની ઉપર જે પ્રમાણે કરવાની સૂચના આપી હોય, તે પ્રમાણે કરશો.

▣ આ ભાષાશક્તિ કસોટી ચાર ખંડોમાં વહેંચાયેલી છે. દરેક ખંડના પ્રશ્નોના ઉત્તર આપી રહો એટલે તે માટે જેટલો સમય લાગ્યો હોય તેની નોંધ આપેલા ઉત્તરપત્રની ઉપરની બાજુએ ડાબા ખૂણા પર આપેલા ચોકઠામાં કરશો.

▣ સંશોધકને તેના કામમાં હાર્દિક સહકાર આપશો એવી આશા છે.

▣

# ખંડ ૪ : લેખિત અર્થગ્રહણ

## (અ) અર્થગ્રહણ (વાચન વસ્તુની સહાય સાથે)

(ક) નીચેનો ફકરો વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો :

ધર્મનું શિક્ષણ અને ધર્મનો પુરુષાર્થ, આ બંનેમાં જે ભેદ છે તે જાણી લેવાની ખાસ જરૂર છે. કોઈ વસ્તુ માણસ બુદ્ધિથી ગ્રહણ કરે તેને શિક્ષણ કહે છે; જ્યારે પુરુષાર્થમાં એ બુદ્ધિથી ગ્રહણ કરી અટકી જવાનું નથી, પણ એને જીવનમાં ઊતારવાનું છે. માણસ પાસે શિક્ષણ-જ્ઞાન ગમે તેટલું હોય, પણ એ જીવનમાં ન ઊતરે ત્યાં સુધી એને ઉપકારક બનતું નથી. ગમે તેટલું ઉત્તમ અને સ્વાદિષ્ટ ભોજન આપણે કરીએ પણ એને જો હોજરી પચાવે નહિ અને અપચો થાય તો એ નુકસાન કરે છે. સાચું ભોજન તો એને કહેવાય કે પચીને જેનું લોહી બને અને શરીરને બળપ્રદ નીવડે. જ્ઞાન પણ એ રીતે જીવનમાં ઊતરવું જોઈએ. હૃદયમાં પચીને કર્મમાં પ્રગટવું જોઈએ. એ રીતે પ્રગટે તે ધર્મ. જ્ઞાન પ્રાપ્ત કરવા બુદ્ધિએ પુરુષાર્થ કરવો પડે છે અને જ્ઞાનને ધર્મમાં પલટી નાખવા શ્રદ્ધાએ અચળ રહી પુરુષાર્થ કરવો જોઈએ. સોક્રેટીસે જીવનમાં ન ઊતરે તેને જ્ઞાન તરીકે સ્વીકારવાની ના પાડતાં કહ્યું છે કે સદ્ગુણને જ હું જ્ઞાન માનું છું.

૧. યોગ્ય વિકલ્પ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

(૧) જ્ઞાન જીવનમાં ઊતારીએ તેનું નામ

(ક) ધર્મનું શિક્ષણ.

(ખ) બુદ્ધિનો પુરુષાર્થ.

(ગ) ધર્મનો પુરુષાર્થ.

(૨) સોક્રેટીસ માનતા હતા કે

(ક) બુદ્ધિથી જાણીએ તેનું નામ જ્ઞાન.

(ખ) હોજરીની પાચનશક્તિની જાણકારી એટલે જ્ઞાન.

(ગ) જીવનમાં ઊતારેલા સદ્ગુણો એ જ જ્ઞાન.

(૩) માણસ પાસે ગમે તેટલું શિક્ષણજ્ઞાન હોય, પણ તે એને ઉપકારક બનતું નથી,

(ક) જો તે તેના જીવનમાં અમલી ન બને.

(ખ) જો તે તેને સ્મૃતિથી યાદ ન રાખી શકે.

(ગ) જો તે મેળવવા તેણે બુદ્ધિનો પુરુષાર્થ ન કર્યો હોય.

૨. ખાલી જગ્યા પૂરવા માટે યોગ્ય શબ્દ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

(૪) જ્ઞાન —— માં પચીને કર્મમાં પ્રગટવું જોઈએ.
(ક) બુદ્ધિ (ખ) હૃદય (ગ) હોજરી

(૫) જ્ઞાનને ધર્મમાં પલટી નાખવા —— એ પુરુષાર્થ કરવો પડે છે.
(ક) શ્રધ્ધા (ખ) બુદ્ધિ (ગ) કર્મ

(ખ) નીચેનો ફકરો વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો :

કહે છે કે પવન પહેલાં આંધળાની જેમ અટવાતો ફરતો હતો. એને પોતાને જ એની ગતિવિધિની કશી ખબર નહોતી. પછી એક વાર ધૂંધવાતો ધૂંધવાતો એ વાંસના વનમાં થઈને ફૂંકાયો, ને વાંસના પોલાણમાંથી ભરાઈને એ બહાર નીકળ્યો તો એ સૂરમાં ફેરવાઈ ગયો. એને રૂપ મળ્યું. પછી તો માનવી આવ્યો. એણે તો શ્વાસને રમાડીને અનેક રૂપો સરજ્યાં. પણ એ અદેહી પવન રણના વિશાળ વિસ્તારપર વિરાટ પગલી પાડતો ચાલે છે, ત્યાં એનો રોષ વરતાય છે, કારણ કે ત્યાં એને રૂપ આપનાર કોઈ નથી. માણસના એ હોઠના બીબામાં એનું રૂપ ઢળાય છે. સાગરના અફાટ વિસ્તાર પર ઊછળતાં મોજાં પણ રોષે ભરાયેલા પવનનાં જ પગલાં છે.

પવન કવિને પડકારે એવું એક તત્ત્વ છે. આમ જુઓ તો એનાં કેટલાં રૂપ છે! દીવાની સ્થિર જ્યોતને ભેટતો પવન, લજ્જાળુ યુવતીના પાલવમાં ભરાઈને એને સઢમાં ફેરવી નાખતો પવન, બંધ કરેલાં દ્વારની ફાડમાંથી અંગને સંકોચીને ચોરપગલે દાખલ થઈ જતો પવન, અવાવરુ વાવના અંધારાના લેપવાળા પાણી પરની લીલની ઝૂલને હલાવી જતો પવન, સૂકાયેલાં પાંદડાં વચ્ચેથી સાપની જેમ સરરરર સરી જતો પવન, આકાશની નીલ જવનિકાને ઊડાડતો પવન. ઘણી વાર બેઠા બેઠા આ પવનને જોયા કરવાનું ગમે છે.

ઋતુ ઋતુએ, દિવસને જુદે જુદે સમયે પવનના સ્પર્શ માણવા જેવા હોય છે. પણ આપણે તો આપણી સ્પર્શેન્દ્રિયને લગભગ જૂઠી કરી નાખી છે. આપણા કાવ્યસાહિત્યમાં પવનને રૂપ આપતી કવિતા કેટલી છે વારુ ?

૧. યોગ્ય વિકલ્પ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

(૬) પવન વાંસના પોલાણમાં ભરાઈને બહાર નીકળ્યો, ત્યારે
- (ક) તે સૂરમાં ફેરવાઈ ગયો.
- (ખ) તે ધૂંધવાતો ધૂંધવાતો વાંસના વનમાં ફૂંકાવા લાગ્યો.
- (ગ) આંધળાની જેમ અટવાતો રહ્યો.

(૭) પવન જ્યારે આંધળાની જેમ અટવાતો હતો, ત્યારે
- (ક) આપણને એની ગતિવિધિની ખબર પડતી નહોતી.
- (ખ) પવનને આપણી ગતિવિધિની ખબર પડતી નહોતી.
- (ગ) એને પોતાની ગતિવિધિની ખબર પડતી નહોતી.

(૮) પવન રણના વિસ્તાર પર થઈને ચાલે છે, ત્યારે એ ગુસ્સે થયેલો માલૂમ પડે છે, કારણ કે
- (ક) રણપ્રદેશમાં પુષ્કળ તાપ પડે છે.
- (ખ) રણપ્રદેશમાં વાંસનાં વન હોતાં નથી.
- (ગ) ત્યાં એને રૂપ આપનાર કોઈ હોતું નથી.

( ૯ ) પવનનું રોષયુક્ત સ્વરૂપ ક્યાં જણાતું નથી ?

( ક ) વાંસના વનમાં.
( ખ ) રણપ્રદેશમાં.
( ગ ) સાગર સપાટી પર.

( ૧૦ ) માનવે પવનને શી રીતે રૂપ બક્ષ્યું ?

( ક ) પવનચક્કીમાં ચકરાવે ચઢાવીને.
( ખ ) હોઠના ખીબામાં ઢાળીને.
( ગ ) લજ્જાળુ યુવતીના પાલવમાં બાંધીને.

૨. ( अ ) ખાનામાં વિવિધ પરિસ્થિતિઓ આપી છે અને ( आ ) ખાનામાં તે પરિસ્થિતિઓમાં પવનનું સ્વરૂપ વર્ણવ્યું છે. ( आ ) ખાનામાંના યોગ્ય વિકલ્પનો ક્રમ સાથે આપેલા ઉત્તરપત્રમાંના યોગ્ય ચોકઠામાં લખો :

| ( अ ) | ( आ ) |
|---|---|
| ( ૧૧ ) બંધ કરેલાં દ્વાર વચ્ચે | ૧ સઢ કરી દેતો પવન |
| ( ૧૨ ) સૂકાયેલાં પાંદડાંની વચ્ચે | ૨ જવનિકાને ઊડાડતો પવન |
| ( ૧૩ ) અવાવરુ વાવનાં પાણી પર | ૩ આલિંગન દેતો પવન |
| ( ૧૪ ) આકાશમાં | ૪ ઘૂંઘવાતો પવન |
| ( ૧૫ ) લજ્જાળુ યુવતીના પાલવમાં | ૫ ચોરપગલે દાખલ થતો પવન |
| ( ૧૬ ) દીવાની સ્થિર જ્યોતને | ૬ આંધળાની જેમ ઘૂમતો પવન |
| | ૭ સાપની જેમ સરકી જતો પવન |
| | ૮ લીલની ઝૂલને ઝૂલાવી જતો પવન |

( ગ ) દેખાવમાં લોહી લાલ રંગનું છે. હાથે લાગે તો ચીકણું માલૂમ પડે છે. તે અપારદર્શક છે. સૂક્ષ્મદર્શક યંત્રથી જોતાં એ મુખ્યત્વે ત્રણ પદાર્થોનું બનેલું જણાય છે : રક્તરસ અથવા પ્લાઝમા, રક્તકણ અને શ્વેતકણ. શરીરમાં ઘસારો પૂરવાનું કામ લોહી કરે છે. આમ કરતાં લોહીના કણો ઓછા થાય. એટલે હંમેશ નવા કણો પેદા થવા જોઈએ. શરીરમાં રક્તકણો હાડકાંનાં પોલાણમાં બને છે. આ કારખાનું કેવું સુરક્ષિત છે! લોહીમાં ઑક્સિજનને ચૂસી લેનાર હીમોગ્લોબિન નામનો લાલ પદાર્થ છે. પ્રત્યેક પ્રાણીના કણોનો આકાર જુદો હોવાથી આ કણોને તપાસવાથી તે કયા જાનવરનું લોહી છે તેની ખબર પડી શકે. બધાં માણસોનું લોહી પણ એકસરખું નથી, તેમાં ચાર જાતો છે. આથી કોઈને રક્તસ્રાવ વખતે લોહી આપવું હોય તો તેના લોહીને તે મળતું આવવું જોઈએ, નહિ તો નુકસાન થાય છે.

લોહીની ખાસિયત છે કે એ શરીરમાંથી બહાર આવે એટલે આપમેળે ગંઠાઈ જાય. લોહીના પ્લાઝમામાં ફાઈબ્રીનોજન નામનું દ્રવ્ય છે. હવામાં રહેતાં જ આમાંના ફાઈબ્રીનના તાંતણા બંધાઈ જાય છે અને તેને લીધે લોહીના લાલ અને સફેદ કણો તેમાં ગંઠાઈ જાય છે. આ ગંઠાવાથી જે પડ બને છે તેનાથી વધારે લોહી વહેતું અટકે છે. પરંતુ ઘા નાનો હોય ત્યારે જ આ પ્રમાણે બને છે. મોટા ઘા વખતે લોહીના મોટા જથ્થાને ગંઠાવાની તક મળતી નથી. આ સમયે જો અન્ય ઉપાયો ન લેવાય તો શરીરમાંથી ઘણું લોહી વહી જઈને નુકસાન થાય છે.

ખાલી જગ્યા પૂરવા માટે યોગ્ય શબ્દ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

( ૧૭ ) લોહી ———— હોય છે.
( ક ) પારદર્શક, ( ખ ) અપારદર્શક, ( ગ ) અર્ધપારદર્શક

( ૧૮ ) શરીરમાં ઘસારો પૂરવાનું કામ ———— કરે છે.
( ક ) લોહી, ( ખ ) ખોરાક, ( ગ ) પાણી

( ૧૯ ) ———— હાડકાંનાં પોલાણમાં બને છે.
( ક ) શ્વેતકણ, ( ખ ) પ્લાઝમા, (ગ) રક્તકણ

( ૨૦ ) પ્લાઝમામાં ———— નામનું દ્રવ્ય છે.
( ક ) હીમોગ્લોબિન, ( ખ ) ફાઈબ્રીનોજન, ( ગ ) રક્તરસ

## આ : સારગ્રહણ

નિમ્નલિખિત પરિચ્છેદો વાંચી સૂચવ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તરો આપો :

( ક ) લોકજીવનમાં જેવું સ્થાન જળાશયનું તેવું જ સ્થાન ગામને ગોંદરે ઊભેલા વડલાનું હોય છે. લગભગ પ્રત્યેક ગામડાને આંગણે આ જટાજૂટધારી ઋષિ–વૃક્ષ કૈં કૈં જમાનાઓના પલટા જોતું જોતું અડગ ઊભું હોય છે અને એવા ઘેરગંભીર ઘટાદાર તરુવરને આશરે એટલાં એટલાં પશુપંખીઓ મહાલતાં હોય છે કે લોક–પ્રજાએ એના રક્ષણ કાજે એને કોઈ દેવદેવીનું થાનક બનાવી દીધેલ હોય છે. એને પાંદડે પાંદડે માતા ચામુંડાના દીવા બળે, એની ડાળીએ ડાળીએ દેવી રાસડા લે અને એને કાપનાર મનુષ્યનું સત્યાનાશ નીકળી જાય, એવી રમ્ય–ભીષણ ઘટનાઓ જોડાતી જાય છે. વળી 'જોગીડો ઊતર્યો...સેજ વડલા તળે રે લોલ'. એવા કૈંક અવધૂત અતિથિની ધૂણીઓ ગામના વડલાની છાંયડીમાં ધખતી હોય છે. પતિ–પત્નીની વિજોગઘડીનો સાક્ષી પણ એ નિર્મોહી વડલો જ હોય છે;

"વરસતે આષાઢ મહિને,
વાલમ વળાવાને હું રે ગઈ'તી........
ઊભી રહી વડલા હેઠ........વા'લા!
વડલો વરસે સાચે મોતીડે રે
તેનો પરોવ્યો હાર........વા'લા!"

આવા કેટલાયે વિરહાશ્રુઓ એ વડલાની નીચે ઝરેલાં હશે. એ વડલો, ગાયોના ગોંદરા, નાની એવી ડુંગરી અને તે ઉપર નાજુક દેવડી વગેરે બધાં માત્ર સ્થળો જ નહોતાં, પણ લોકજીવનની ચિરંજીવી સંસ્થાઓ હતી. ગામનો ઝાંપો એ વડે રળિયામણો લાગતો.

(૨૧) સમગ્ર પરિચ્છેદનો સાર એક જ શબ્દસમૂહમાં આપવો હોય, તો આપણે નીચેનામાંથી કયા શબ્દસમૂહમાં આપી શકીએ ? યોગ્ય વિકલ્પ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

( ક ) એને પાંદડે પાંદડે ચામુંડાના દીવા બળે.

( ખ ) ઘોરગંભીર ઘટાદાર વૃક્ષ.

( ગ ) ગામનો વડલો.

( ઘ ) પતિ–પત્નીના વિજોગની ઘડીનો સાક્ષી.

(૨૨–૨૬) ઉપરોક્ત ફકરાનો સાર કહેવામાં ઉપયોગી એવા **પાંચ** શબ્દો પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેમના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

( ક ) જળાશય | ( ખ ) વડલો
( ગ ) જટાજૂટધારી ઋષિ–વૃક્ષ | ( ઘ ) પશુપંખીઓ
( ચ ) ઘટના | ( છ ) વિજોગનો સાક્ષી
( જ ) નિર્મોહી વડલો | ( ઝ ) ગોંદરા

( ખ ) અભ્યાસ આનંદ આપે છે, શોભા આપે છે અને કુશળતા આપે છે; એનો આનંદ એકાંતમાં અનુભવાય છે; એની શોભા વાતચીતમાં દેખાય છે અને તેનાથી આવેલી કુશળતાનો ખરેખરો ઉપયોગ કામકાજની તુલના અને વ્યવસ્થામાં છે. કેમકે ઘડાયેલા માણસો કામ બજાવી શકે અને દરેક બાબતની છૂટી છૂટી તુલના પણ કદાચ કરી શકે; પણ વિવેકપૂર્વક સામાન્ય સૂચના, વ્યવસ્થા અને ક્રમનો નિર્ણય કરવામાં તો કેળવાયેલા માણસો જ ઉત્તમ છે. અભ્યાસ પાછળ હદથી વધારે વખત ગાળવો એ એક જાતનું આળસ છે; જ્ઞાનનો શૃંગાર જ્યાં ત્યાં છતો કરવો એ દંભ છે; ભણતરથી જ મત બાંધીને સર્વ વાતે દોરાવું એ વેદિયાપણું છે. મૂળ શક્તિ અભ્યાસથી ખેડાય છે અને અભ્યાસ અનુભવથી પરિપૂર્ણ થાય છે; કેમકે કુદરતી બુદ્ધિને છોડની માફક સંભાળથી સરખી કરવાની જરૂર છે. એકલી ચોપડીઓ જે ધોરણ બતાવે છે તે બહુ જ અસ્પષ્ટ હોય છે, જેને અનુભવથી

સ્પષ્ટ કરવાની જરૂર છે. ધંધાદારી માણુસો અભ્યાસને વખોડે છે, અલ્પજ્ઞાની વખાણે છે, જ્યારે ડાહ્યા માણુસો તેને વાપરી જાણે છે. ભણતર કેમ વાપરવું એ ભણતરથી જ શીખાતું નથી. જ્ઞાનને યોજવાની કળા જ્ઞાનથી જુદી છે, તેમ ઊંચી છે અને એ મેળવવાનું સાધન અવલોકન છે.

(૨૭–૩૦) નીચે કેટલાક શબ્દો આપ્યા છે. આ પરિચ્છેદનો મધ્યવર્તી વિચાર દર્શાવતા હોય એવા અગત્યના **ચાર** શબ્દો પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેમના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

| | |
|---|---|
| ( ક ) અભ્યાસ | ( ખ ) શોભા |
| ( ગ ) વિવેકપૂર્વક | ( ઘ ) આનંદ |
| ( ચ ) નિર્ણય | ( છ ) આળસ |
| ( જ ) મૂળશક્તિ | ( ઝ ) અનુભવ |

## ( બિ ) અર્થગ્રહણ ( વાચનવસ્તુની સહાય વગર )

( ક ) નીચેનો ફકરો વાંચી કાગળ ઊંધો મૂકી દો. ત્યાર પછી તમને આપવામાં આવે તે અલગ કાગળમાંના પ્રશ્નોના જવાબ આપો :

ઔદ્યોગિક ક્રાંતિએ દુનિયામાં પ્રચંડ યંત્રો દાખલ કર્યાં. તેણે જગતમાં 'યંત્રયુગ' અથવા તો 'યાંત્રિક યુગ'ની શરૂઆત કરી. બેશક, યંત્રો તો પહેલાંના સમયમાં પણ હતાં પણ તેમાંનું એકે આ નવીન યંત્રો જેવડું નહોતું. યંત્ર એ આખરે શું છે? માણસને પોતાના કામમાં મદદ કરનાર એ એક મોટું ઓજાર છે. માણસને ઓજારો બનાવનારું પ્રાણી કહેવામાં આવે છે; અને છેક પ્રાચીન કાળથી તે ઓજારો બનાવતો અને તેને વધારે સારાં કરવાનો પ્રયાસ કરતો આવ્યો છે. ઈતર પ્રાણીઓ ઉપર, જેમાંનાં ઘણાં તો એના કરતાં વિશેષ બળવાન છે, તેણે આ ઓજારો વડે જ પોતાનું પ્રભુત્વ જમાવ્યું. ઓજારો એ તેનો લાંબો થયેલો હાથ જ હતો; અથવા કહો કે તેનો ત્રીજો હાથ હતો. યંત્ર એ વળી ઓજારોના વિસ્તારરૂપ હતાં. ઓજારો અને યંત્રો એ બંનેએ મળીને મનુષ્યને પશુસૃષ્ટિથી ઉપર આણ્યો. તેમણે મનુષ્યસમાજને પ્રકૃતિની પરાધીનતામાંથી મુક્ત કર્યો. ઓજારો અને યંત્રોને કારણે માણસને માટે ઉત્પાદનનું કાર્ય સુગમ થઈ ગયું. તે ઉત્તરોત્તર વધારે ને વધારે ઉત્પાદન કરતો ગયો અને છતાંયે તેને વધારે નવરાશ મળવા લાગી, એને પરિણામે સભ્યતાની કળાઓ, ચિંતન અને વિજ્ઞાન ખીલ્યાં અને વિકસ્યાં.

❋

(ક) આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી આપેલા ઉત્તરપત્રમાં તેના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

( ૩૧ ) ઔદ્યોગિક ક્રાંતિએ જગતમાં યાંત્રિક યુગની શરૂઆત કરી એમ કહેવાય, કારણ કે

( ક ) તે પહેલાં જગતમાં યંત્ર જ નહોતું.

( ખ ) ઔદ્યોગિક ક્રાંતિ પછીના સમયમાં બન્યું તેવડું મોટું એક પણ યંત્ર પહેલાં ન હતું.

( ગ ) યંત્રને ઉત્પાદનના કાર્યમાં તે પહેલાં વાપરવામાં આવતું નહોતું.

( ૩૨ ) ઈતર પ્રાણીઓ પર મનુષ્યે પ્રભુત્વ જમાવ્યું, તેનું કારણ હતું

( ક ) તેનું બાહુબળ.

( ખ ) પ્રાણીઓની પ્રકૃતિ આગળ લાચારી.

( ગ ) ઓજારોનો ઉપયોગ.

( ૩૩ ) ઔદ્યોગિક ક્રાંતિનું સૌથી મહત્ત્વનું પરિણામ શાને ગણી શકાય ?

( ક ) યાંત્રિક ઉત્પાદન.

( ખ ) ઉત્તરોત્તર વધુ ને વધુ ઉત્પાદન.

( ગ ) પુષ્કળ નવરાશ.

( ઘ ) કળા, વિજ્ઞાન અને સભ્યતાનો વિકાસ.

( ૩૪ ) 'ઓજારો અને યંત્રોએ મનુષ્યને પશુસૃષ્ટિથી ઉપર આણ્યો.' એનો અર્થ એમ થાય કે....

( ક ) હવે મનુષ્યમાં પશુનું કોઈ લક્ષણ ન રહ્યું.

( ખ ) હવે મનુષ્ય પશુઓની જેમ જમીન પર રહેવાને બદલે ઉંચાં રહેઠાણોમાં રહી શક્યો.

( ગ ) હવે પશુઓ કરતાં તેને વધુ આરામ અને મોજશોખ પ્રાપ્ત થયાં.

( ઘ ) હવે મનુષ્ય પશુઓ માટે અશક્ય એવાં કળા, વિજ્ઞાન અને સભ્યતા ખીલવી શક્યો.

❋

(ખ) નીચેનો ફકરો વાંચી કાગળ ઊંધો મૂકી દો. ત્યાર પછી તમને આપવામાં આવે તે અલગ કાગળમાંના પ્રશ્નોના જવાબ આપો :

વૃદ્ધ ન્યૂમેન જમવાનું છોડી કહે, "ના બેટા, એ શિષ્ટાચાર પેલા ફરસબંધીવાળા મહેલ-વાસીઓને શોભે. અમે આ બીડમાં ઘેટાં ચરાવવાવાળા જિસસ સંગાથે રહેનાર. તું....તાં....થી આપણો સંબંધ ગાઢ થાય. પણ મતાંધતાના ઘેનમાં જો આંખો બંધ ન હોત તો આ કવેકરો, આ ગાંધીવાદીઓ, ફ્રાંસિસ્કનો ને શાંતિવાદીઓ જે અણીશુદ્ધ સૌંદર્યની મૂર્તિને કંડારી રહ્યા છે તે તમે જોઈ શક્યા હોત. એની આગળ લિઓનાર્ડોની મોના લીસા ને રાફેલની મેડોના ફિક્કી છે. હું તમને અવગણતો નથી, કારણકે તમે પણ અવતરવા મથી રહેલ સત્યના અંશ છો. અવગણવા જેવું તુચ્છ કશું નથી; અમે પણ નહિ. અમે અંતરાત્માની પ્રયોગશાળામાં બેઠા બેઠા જે પ્રયોગ કરી રહ્યા છીએ તે કદાચ તમને તત્કાળ ન પણ ઉપયોગી થાય. શું તમારે પણ જથ્થાપ્રિય મૂડીવાદી સંસ્કૃતિની જેમ તૈયાર ને તત્કાલ માલ જોઈએ છે? હરેક પ્રયોગ તે જ કાળે ખપ લાગે જ તેમ નથી. ઘણાએ અણજાણ્યા વૈજ્ઞાનિકો આજે પોતાની ખોલીમાં બેઠા હશે. એઓ એમનો સમય શું એળે વિતાવે છે? પ્રેમના ને વાત્સલ્યના માર્ગે જતાં ગાળેલી પળો તેટલું જ વાસ્તવિક આયુષ્ય; બીજું આયુષ્ય તો માત્ર મ્યુનિસિપાલિટીને ચોપડે નોંધાવવા પૂરતું જ."

❋

( ખ ) ૧. (૩૫–૩૬–૩૭) નીચેનાં વિધાનોમાંથી ન્યૂમેનના વિચારોને અનુરૂપ હોય એવાં ત્રણ વિધાનો પસંદ કરી સાથેના ઉત્તરપત્રમાં તેમના ક્રમવાળા ચોકઠામાં × ની નિશાની કરો :

( ક ) ન્યૂમેન તું....તાં....થી વાત કરવાને અશિષ્ટ અને હાનિકારક માને છે.

( ખ ) ન્યૂમેન ઘેટાં ચરાવનાર જિસસ સંગાથે રહેનારમાંના એક છે.

( ગ ) ન્યૂમેન કવેકરો અને શાંતિવાદીઓના કાર્યને બહુ ઉપયોગી ગણે છે.

( ઘ ) ન્યૂમેન શાંતિવાદીઓના કાર્યને મોના લીસા અને મેડોના જેવી કળાકૃતિઓની તુલનામાં ફિક્કું ગણે છે.

( ચ ) ન્યૂમેન કોઈને અવગણવા ઇચ્છતા નથી, કારણ પ્રત્યેક અભિપ્રાય એ અવતરવા મથી રહેલા સત્યનો અંશ છે.

( છ ) ન્યૂમેન અંતરાત્માની પ્રયોગશાળાને હલકી ગણે છે, કારણ કે તેમાં તાત્કાલિક પરિણામ પેદા થતું નથી.

૨. ( अ ) ખાનામાંની વિગતો સાથે અર્થપૂર્ણ રીતે જોડાય એવી ( आ ) ખાનામાંની વિગતો પસંદ કરી તેમનો ક્રમ આપેલા ઉત્તરપત્રમાંના યોગ્ય ચોકઠામાં લખો :

| ( अ ) | ( आ ) |
|---|---|
| (૩૮) જથ્થાપ્રિય મૂડીવાદી પ્રયોગશાળા | ૧ ફરસબંધીવાળા મહેલવાસીઓને શોભે |
| (૩૯) અનૌપચારિક વર્તન | ૨ પ્રેમ અને વાત્સલ્યના માર્ગે ગાળેલી પળો |
| (૪૦) વાસ્તવિક આયુષ્ય | ૩ અવતરવા મથી રહેલા સત્યનો અંશ |
| (૪૧) શિષ્ટાચાર | ૪ તત્કાળ માલ મળે |
| (૪૨) આભાસી આયુષ્ય | ૫ લિયોનાર્ડોની મોના લીસા |
| (૪૩) અંતરાત્માની પ્રયોગશાળાના પ્રયોગ | ૬ સંબંધ ગાઢ થાય |
| | ૭ તરત ઉપયોગી ન થાય |
| | ૮ મ્યુનિસિપાલિટીને ચોપડે નોંધાયેલી ઉંમર |